સુવિચાર
''જે દુઃખ તમારા વશમાં નથી, તેને દૂર કરવાં ભગવાનને પ્રાર્થના કરો અને જે દુઃખ તમે જાતે ઊભા કર્યા છે, તેને દૂર કરવા તમે જાતે પ્રયત્ન કરો.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૧૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૨૮૨

## ભારત દેશમાં યોજાયેલ તમામ વિધાનસભા અને લોકસભાની ચૂંટણી કરતાં પણ વધારે બહુમતી મેળવીને

# બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએનો પ્રચંડ વિજય

**જનતા જનાર્દને સવારથી સાંજ સુધી લાઈનમાં ઉભા રહીને એનડીએ તરફી મતદાન કર્યુ**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એનડીએનાં તમામ કાર્યકર્તાઓનો આભાર માન્યો**

**જનતાએ વિપક્ષનાં તમામ જુઠ્ઠાણાઓને ફગાવી દીધા**

**મુખ્યમંત્રી નીતિશ બનશે કે ભાજપનો કોઈ ચહેરો હશે તેને લઈને અનેકવિધ ચર્ચાઓ**






પટણા, તા.૧૪

બિહારમાં ભાજપની પ્રચંત જીત પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રથમ પ્રતિક્રિયા આવી છે. પીએમ મોદીએ તેને વિકાસ અને સુશાસનની જીત ગણાવી છે. તેમણે કહ્યું, "આ સામાજિક ન્યાય અને જન કલ્યાણની ભાવનાની જીત છે. બિહારના મારા પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર, જેમણે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં NDAને ઐતિહાસિક અને અભૂતપૂર્વ જીતના આર્શીવાદ આપ્યા છે. આ પ્રચંડ જનાદેશ અમને લોકોની સેવા કરવા અને બિહાર માટે નવા સંકલ્પ સાથે કામ કરવા માટે સશક્ત બનાવશે."

પ્રધાનમંત્રી મોદીએ તમામ NDA પક્ષોને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું, "NDA એ રાજ્યમાં સર્વાંગી વિકાસ કર્યો છે. લોકોએ અમારા ટ્રેક રેકોર્ડ અને રાજ્યને નવી ઊંચાઈઓ પર લઈ જવાના અમારા વિઝનને જોઈ અમને પ્રચંડ બહુમતી આપી છે. હું મુખ્યમંત્રી નીતિશ કુમાર અને અમારા NDA પરિવારના સાથીઓ ચિરાગ પાસવાનજી, જીતન રામ માંઝીજી અને ઉપેન્દ્ર કુશવાહાજીને આ શાનદાર જીત માટે હૃદયપૂર્વક અભિનંદન આપું છું."

પીએમ મોદીના અનુસાર, જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખીને મતદાન કર્યુ. તેમણે કહ્યું, "હું

અનુસંધાન પાના ૬ ઉપર

## પત્ની રિસામણે હોવાથી લાગી આવતા

# ખાંભાનાં મોટા સમઢીયાળા ગામનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**પોતાનાં રહેણાંક મકાને પગલું ભર્યુ**

અમરેલી, તા. ૧૪

ખાંભા તાલુકાનાં મોટા સમઢીયાળા ગામે રહેતાં હમીરભાઈ ભીખાભાઈ ચારોલીયા નામનાં ૨૫ વર્ષીય યુવકના પત્નિ છેલ્લા આઠેક મહિનાથી રીસામણે ચાલ્યાં ગયા હોય. જેથી યુવકને મનોમન લાગી આવતા તા.૧૨ ના સાંજના આશરે સાડા સાતેક વાગ્યે પોતાના રહેણાંક મકાને ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન તેમનું મોતનિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલછે.

## ઢસાથી ટુ-વ્હીલરમાં અપડાઉન કરીને

# ચાવંડ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતી મહિલાની કરકોળીયા ગામ નજીક માર્ગમાં છેડતી

**સરાજાહેર છેડતીની ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૪

ઢસાજંકશનગામેરહેતાંઅને પોસ્ટવિભાગમાંનોકરીકરતાંવિધીબેન વિસાભાઈ ગુણંવતભાઈ મણવર તા. ૧૩ના બપોરના ૧૨:૩૦ વાગ્યે તેના રહેણાંક મકાનેથી પોતાની ફરજના સ્થળેચાવંડગામેસબપોસ્ટઓફીસેજતા હોય. તે દરમ્યાન જાનબાઈ દેરડી ગામે પહોંચતા કોઈ અજાણ્યા આરોપીએ પોતાનુમોટરસાયકલલઈઆવીતેણીનો પીછો કરી ત્યાર બાદ તેણી ચાવંડ પોસ્ટ ઓફીસે આવતા ત્યાં આરોપી પાછળ આવી તેણી સામુ ટગર-ટગર જોઈ અને ત્યાંથી તેણી પોતાનુ કામ પુર્ણ કરી નાના રાજકોટ પોતાની એકટીવા મોપેડ લઈ જતાહતા. ત્યારે કરકોલીયા ગામ પહેલા રસ્તામાં પહોંચતા આ આરોપીએ તેણીના એકટીવાની આડુ ઉભુ રાખી તેણીનીછેડતીકરવાનાઈરાદેહાથપકડી નીચે ખેંચતા તેણીએ પોતાના સ્વબચાવ માટે પોતાની પાસે ફરજ દરમ્યાન ઉપયોગમાં લેવાતી કાતર બેગમાંથી કાઢીઆરોપીઉપરઘા કરતાઆરોપીતે જોવા માટે રહેતા તેણી ત્યાંથી જતા રહ્યા બાદ તેણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવીછે.

## દરરોજ સેંકડો વાહનચાલકો પરેશાન થતાં હોય તંત્રને ચિંતા નથી

# પરેશાની : બાબરાનાં ધરાઈથી મોણપુર તરફ જતો માર્ગ છેલ્લા અઢી વર્ષથી અતિ બિસ્માર

**વિકાસની બુમો વચ્ચે વાસ્તવિકતા અતિ બિહામણી**



અમરેલી, તા. ૧૪

બાબરા તાલુકાના ધરાઈ ગામે આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલી તેમજ ધરાઈ તથા આસપાસના ગામમાં અમરેલીથી પહોંજવું એટલે વાહનચાલકોને ૧૦૦ વાર વિચાર કરવો પડે કે મોણપુરથી ધરાઈ જવુ કે વાવડીથી ધરાઈ પહોંચવું? કારણ કે મોણપુર ગામથી ધરાઈ ગામનો રોડ એટલો ભંગાર થઈ ગયો છે કે એની કોઈ સીમા જ નથી. સમગ્ર ભારતમાં પૃષ્ટિ વૈષ્ણવ સંપ્રદાયના મુર્ધન્યસ્થાનમાં રાજસ્થાનમાં નાથદ્વારા(શ્રીનાથજી) છે. તેની સમક્ષ બાબરા તાલુકાના ધરાઈ ગામ ખાતે શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલીને માનવામાં આવેલ છે. અહીં સમગ્ર ગુજરાત સહીત ભારત, વિશ્વના દેશોમાંથી લાખો શ્રધ્ધાળુંઓ દર્શન કરવા આવે છે. સાથે ધરાઈ થી ૯ કિમીના અંતરે આવેલ દડવા(રાંદલના) ગામમાં બિરાજમાન માઁ રવી રાંદલ માનું પ્રાગટય સ્થાન મંદિર આવેલ હોવાથી ત્યા પણ લાખો શ્રધ્ધાળુઓ આવે છે. અમરેલીથી ધરાઈ તથા આજુબાજુના ગામ જવા માટે તમામ વાહનચાલકો ધરાઈથી મોણપુર સુધીના રોડથી ત્રાસી ગયા છે અને વાહનચાલકો ફરીફરીને પોતપોતાના ગામ સુધી પહોંચે છે. ધરાઈ ગામના જાગૃત નાગરિકો દ્વારા અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાના મુખ્ય અધિકારીઓને અનેકવાર રજુઆતો કરવામાં આવી છતા પણ આ રોડ નવો બનાવવા માટે કામ ચાલુ નથી કર્યુ, હમણાં થોડા દિવસો પહેલા ધરાઈ થી મોણપુર સુધીના ૪ કિમીના રોડનું પેચવર્ક કામ ચાલુ કર્યુ તૂ તે પણ એક જ દિવસ ? ખાસ બાબરાના ધરાઈ થી આજુબાજુના ૧૦ જેટલાં ગામના લોકોને અમરેલી જિલ્લા મથક હોવાથી ઓફિસ્યલી કામ તથા ખરીદી કરવા રોજ ધરાઈ થી મોણપુર થી અમરેલી નજીક પડતું હોવાથી આ રોડ એટલો ભંગાર છે કે તમામ વાહનચાલકો બાબરા તથા વાવડી ફરીને ખોટો સમય વેડફી રહ્યા છે. આ રોડ નવો બનાવવા માટે ધરાઈ ગામ સહિતના આસપાસના ૧૦ જેટલાં ગામના લોકોએ જિલ્લાના તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાં પણ આ રોડ નવો તો નથી બનતો પણ સમારકામ પણ નથી થતું. અને ધરાઈ તેમજ આસપાસ ૧૦ જેટલાં ગ્રામજનો તથા તમામ વાહનચાલકોને એવી અપેક્ષા હતી કે નવા વર્ષની શરૂઆત બાદ ધરાઈથી મોણપુર સુધીનો નવો રોડ

અનુસંધાન પાના ૬ ઉપર

શ્રધ્ધાંજલિ

સ્વ. લક્ષ્મીકાંતભાઈ રણછોડભાઈ કાનાણી
ઉપપ્રમુખશ્રી : શ્રી ચિતલ ગ્રુપ સેવા સહકારી મંડળી લી., ચિતલ
સ્વ. તા. ૩૧/૧૦/૨૦૨૫
આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી જે નાશ પામે છે તે શરીર માત્ર છે. આત્મા શાશ્વત અને અમર છે, જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે, કેવુ જીવ્યા એજ યાદ રહી જાય છે, આપના દેહ વિલીન થયો છે. પરંતુ આત્માનો વિલય થયો નથી, અમારા હૃદયમાં આપની સ્મૃતિ કદી વિસરાશે નહી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના
શ્રી ચિતલ ગ્રુપ સેવા સહકારી મંડળી લી., ચિતલ
જયંતિભાઈ દેસાઈ – કલાર્ક
રીસીતભાઈ દેસાઈ – મંત્રી
સંજયભાઈ લીબાશીયા – પ્રમુખ
બોર્ડ ઓફ ડીરેકટર્સ
મનસુખભાઈ માંગરોળીયા
જયેશભાઈ નાકરાણી
કેશુભાઈ મેશીયા
નાનજીભાઈ પરમાર
જગદીશભાઈ દેસાઈ
ભુપતભાઈ વાળા
મનગભાઈ સાકરીયા
ઝવેરભાઈ દેસાઈ
ચતુરભાઈ દેસાઈ
બાલાભાઈ લીબાશીયા
હિંમતભાઈ ગજેરા

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) – દિવસ માટે - ૨ (લેડીઝ); રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) – દિવસ માટે - ૪ (લેડીઝ); રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) – દિવસ માટે - ૨; રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ – જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
સ્પે. ગુજરાતી થાળી
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,14,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

# અમરેલી : ઓરેન્જ હ્યુન્ડાઇ દ્વારા હ્યુન્ડાઇની NEW VENUE કારનું ધમાકેદાર લોન્ચિંગ







હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લીમીટેડના અમરેલી જિલ્લાના એકમાત્ર ઓથોરાઈઝડ ડીલર ઓરેન્જ હ્યુન્ડાઈ (શ્રી મૃણાલ ગાંધી)એ તા. ૧૩/૧૧/૨૦૨૫ના રોજ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન – અમરેલીના પ્રમુખ ડો. જી. જે. ગજેરા તથા શાંતાબા મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ–અમરેલીના ડિન ડો. અશોક રામાનુજ તથા ડો. ગોંડલીયા અને ડો. એચ. સી. ગાંધીની ઉપસ્થિતિમાં કોમપેક્ટ SUV કાર NEW VENUE લોન્ચ કરાઈ. નવી સ્ટાઈલીશ દેખાવ, શકિતશાળી એન્જીનથી આ કાર પ્રચલિત છે. હ્યુન્ડાઈની આ કારને પહેલી વખત ૨૦૧૯માં તે સમયમાં અત્યાધુનિક ફીચર્સ સાથે લોન્ચિંગ બાદ ખુબજ સારો પ્રતિસાદ મળ્યો હતો જયારે આ કારમાં વધારે અત્યાધુનિક ફીચર્સ તથા કારની સાઈઝમાં પણ ફેરફાર કરીને અત્યારની વેન્યુ કરતા વહીલબેઝ, પહોળાઈ અને ઊંચાઈમાં નોંધપાત્ર વધારો કરેલ છે. આ કારના લોન્ચિંગ પર કાર વિષે માહિતી આપતા ઓરેન્જ હ્યુન્ડાઈના પ્રતિનિધિ જણાવે છે કે, નવી સ્ટાઈલીશ દેખાવ, શકિતશાળી વિવિધ ૩ એન્જીન ઓપ્શન ૧.૨. પેટ્રોલ, ૧ લિટર ટર્બો પેટ્રોલ તથા ૧.૫ લિટર ડીઝલ એન્જીન સાથે અત્યાધુનિક ફીચર જેવા કે હ્યુન્ડાઈ કંપની દ્વારા પહેલી સોફટવેર ડીફાઈંડ કાર તરીકે એડવાન્સ ૬૫ સેફટી ફીચર્સ, પેનરોમિક કર્વ્ડ ૧૨.૩ ઈંચની ડિસ્પ્લે, વેન્ટિલેટેડ સીટ્સ, ADAS લેવલ ૨, ૨૦ કંટ્રોલ ઓવર ધ એર સાથેની બ્લુ લિંક સિસ્ટમ, એલેકટ્રીકલી એડજસ્ટેબલ સીટ્સ, વોઈસ એનેબલડ સનરૂફ, BOSEની ૮ સ્પીકર સાથેની મ્યુઝિક સિસ્ટમ, ૩૬૦ કેમેરા, આ નાના બજેટની કારમાં આપી દેવામાં આવ્યા છે. આમ નાના મોટા અસંખ્ય અત્યાધુનિક ફીચર્સ સાથે આ કાર કુલ ૬ કલરમાં મળશે તથા તેમાં કુલ ૩૧ વેરિયંટ આવે છે, જેમાં ગ્રાહકની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પેટ્રોલ તથા ડીઝલ ફ્યુલ ઓપ્શન આપેલ છે અને ૧ લીટર ટર્બો પેટ્રોલ એન્જીનમાં DCT (ડ્યુલ ક્લચ ટ્રાન્સમિશન–ઓટોમેટિક) તથા ૧.૫ લીટર ડીઝલ એન્જીનમાં પણ ઓટોમેટિક ટ્રાન્સમિશનમાં પણ આ કાર ઉપલબ્ધ છે. આ કાર પેટ્રોલ માં ૧.૨ લીટર પેટ્રોલ એન્જીન સાથે ૮૩ PS પાવર ધરાવે છે, ૧ લીટર ટર્બો એન્જીન ૧૨૦ PS પાવર ધરાવે છે તથા ૧.૫ લીટર ડીઝલ એન્જીન ૧૧૬ PS પાવર જનરેટ કરે છે. જયારે કારની કિંમતની વાત કરીએ તો આ કારની શરૂઆતી કિંમત ફકત રૂ.૭,૮૯,૯૦૦/– (એક્સ–શોરૂમ અમરેલી) રાખવામાં આવેલ છે. ગ્રાહક આ કારને ઓનલાઈન બુકીંગ કરાવી શકશે અને પહેલા ૫૦,૦૦૦ ગ્રાહકો માટે કંપનીએ ખાસ કિંમત રાખેલ છે. NEW VENUEની લોન્ચિંગની રજૂઆત સાથે, ઓરેંજ હ્યુન્ડાઈ દ્વારા ભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવ્યું જેમાં અગ્રણી બેંકના કર્મચારી, પત્રકાર મિત્રો અને વહાલસોયા ગ્રાહકોની ભવ્ય હાજરી સાથે ૬ કારનું વેચાણ થયું. આ ભવ્ય પ્રતિસાદને કારણે અમરેલીમાં NEW VENUE ધૂમ મચાવશે તેવું ઓરેન્જ હ્યુન્ડાઈના પ્રતિનિધિએ પ્રેસ સાથે વાત કરતા જણાવે છે.

# ધારીના ખેડૂતોને ભ્રામક વાતોથી ભરમાવતા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓનો ભાંડાફોડ થયો




અમરેલી, તા. ૧૪

ધારી માર્કેટયાર્ડ ખાતે આવી આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ખેડૂતોન વિસાવદર માર્કેટમાં મગફળીની ગુણ માત્ર ૩૦ કિલો ૮૦૦ ગ્રામની ભરતી થાય છે. એવી વાતો કરીને ખેડૂતોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યાં હોવાના આક્ષેપો વચ્ચે આગેવાનો ધારી માર્કેટયાર્ડ ખાતે પહોંચી ખેડૂતો સાથે બેઠક યોજી હતી.

ખેડૂતોની વાત સાંભળ્યા બાદ વિસાવદર માર્કેટયાર્ડ ખાતે પહોંચી વાસ્તવિક પરિસ્થિતિ ચકાસી હતી. તેમણે કનૈયા ફાર્મ ખાતે સેન્ટર નંબર ૧ અને ૨ ની મુલાકાત લીધી હતી, જયાં ટેકાના ભાવે મગફળીની ખરીદી ચાલી રહી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ધારી માર્કેટયાર્ડમાં જેમ એક ગુણીમાં ૩૫ કિલો ૮૦૦ ગ્રામ મગફળીનું વજન જોખવામાં આવે છે, તે જ રીતે વિસાવદર માર્કેટયાર્ડમાં પણ ૩૫ કિલો ૮૦૦ ગ્રામ જ વજન જોખવામાં આવે છે.

કિસાનસંઘના પૂર્વમંત્રી કૌશિક ગજેરાએ જણાવ્યું હતું કે, ધારીના કેટલાક લોકો ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરી રહ્યા છે, જે ખોટું છે. વિસાવદર માર્કેટયાર્ડમાં પણ ધારી જેટલું જ વજન જોખવામાં આવે છે. તેમણે વધુમાં ખેડૂતોને અપીલ કરી હતી કે, આવી અફવાઓ પર વિશ્વાસ ન રાખો, કારણ કે વિસાવદર અને ધારી બંને જગ્યાએ ટેકાના ભાવે ખરીદી સમાન વજન મુજબ થઈ રહી છે. જયારે ભાવના ગોંડલીયાએ જણાવ્યું હતું કે ધારી ખેડૂત કૃષિ ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી લી. દ્વારા ગત તારીખ ૯ ના રોજ ટેકાના ભાવે મગફળીની ખરીદીની શરૂઆત કરવામાં આવી હતી. શાંતિ પૂર્ણ રીતે ખરીદી કરવામાં આવી રહી હતી. ત્યારે તેને ડોહળવાના અમુક તત્વો દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. અમુક રાજકીય પાર્ટીના લોકો સંસ્થાની વિઝિટે આવ્યા અને રજૂઆત કરી હતી. અને કહ્યું હતું કે વિસાવદરની અંદર ૩૦ કિલોને ૮૦૦ ગ્રામની ભરતી કરવામાં આવે છે. અને એનાથી ખેડૂતોને ફાયદો થઈ રહ્યો છે. એવી ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે તેઓએ કહ્યું હતું કે ગુજરાતની અંદર કયારે આવું ન બની શકે એકને ગોળ અને એકને ખોળ સરકાર દ્વારા કયારે આપવામાં આવતો નથી. જો તમારી પાસે બિલ અથવા પરિપત્ર હોય તો આપો, તો અમે પણ સરકારને રજૂઆત કરીએ. ત્યારે આ વાતને લઈને અમે તેમને પડકાર આપ્યો હતો. અને ત્યારે ભાવના ગોંડલીયાએ કહ્યું કે હું ૧૦ થી ૧૫ ગામના ખેડૂતો સાથે વિસાવદર પહોંચી હતી. અને ત્યાં ખેડૂતોને સાથે રાખીને ત્યાં રૂબરૂ વિઝિટ કરીને સમગ્ર હકીકત બહાર લાવી હતી. અને તમામ ખેડૂતોએ આવી ખોટી અફવાઓથી સાવચેત રહેવા જણાવ્યું હતું.

# સાવરકુંડલા તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો




સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૫નું આયોજન શ્રી કે. કે. હાઈસ્કૂલના યજમાનપદે તારીખ ૬ નવેમ્બરથી ૧૧ નવેમ્બર સુધી કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલા તાલુકાની ઘણી બધી શાળા–કોલેજોના વિદ્યાર્થીઓ તથા યુવાનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચેસ, યોગ, રસ્સાખેંચ, વોલીબોલ, કબડ્ડી ખોખો અને એથ્લેટિક્સ જેવી વિવિધ રમતોનું આયોજન થયું. ખેલ મહાકુંભના કન્વીનર તરીકે શાળાના વ્યાયામ શિક્ષક વિપુલભાઈ દવે મહત્વની ભૂમિકા ભજવી હતી તથા સાવરકુંડલા તાલુકાના વ્યાયામ શિક્ષક મિત્રોએ રેફરી તરીકે ઉમદા કામગીરી કરી હતી. આ ઉમદા કામગીરી બદલ શાળાના પ્રિન્સિપાલ અને સમગ્ર ખેલમહાકુંભના સંચાલક ચેતનભાઈ ગુજરીયાએ શાળાના વ્યાયામ શિક્ષક, ખેલ સહાયક મિત્રોને આભાર સાથે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર સ્પર્ધા ખૂબ જ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

### શ્રી ધર્મજીવન હોસ્પિટલ ખાતે

# અમરેલીમાં ૧૦૫ વર્ષનાં દર્દીનુ ગોળાનું સફળ ઓપરેશન કરાયુ

## આયુષ્યમાન ભારત યોજના હેઠળ ડો. હરકેશ ઝાલાવાડીયાનો કીર્તિમાન



અમરેલી, તા. ૧૪

અમરેલી ધર્મજીવન હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન ડો. હરકેશ ઝાલાવાડીયાએ સ્થાપ્યો નવો કીર્તિમાન અમરેલીની નામાંકિત અને આધુનિક સુવિધાઓથી સજ્જ ધર્મજીવન હોસ્પિટલે તબીબીક્ષેત્રે એક અદ્દ્ભુત અને પ્રેરણાદાયી સિદ્ધિ હાંસલ કરી છે. હોસ્પિટલના નિષ્ણાત ઓર્થોપેડિક સર્જન ડો. હરકેશ ઝાલાવાડીયા દ્વારા ૧૦૫ વર્ષના અતિવૃદ્ધ દર્દી લાભૂબેન ધરમશીભાઈ સાંગાણીનું સફળતાપૂર્વક ગોળાનું ઓપરેશન કરવામાં આવ્યું છે.

આ જટિલ સર્જરી માત્ર સફળતાપૂર્વક પાર પાડવામાં જ નથી આવી, પરંતુ તે કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) હેઠળ સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવી છે, જેણે ગુણવત્તાયુકત સારવારને સમાજના દરેક સ્તર સુધી પહોંચાડવાના ઉદ્દેશને સાર્થક કર્યો છે.

લાભૂબેનને પડી જવાના કારણે ગોળાના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. આટલી મોટી ઉંમરે કોઈપણ સર્જરી, ખાસ કરીને ગોળાનું ઓપરેશન, અત્યંત જોખમી અને પડકારરૂપ ગણાય છે. જોકે, ડો. હરકેશ ઝાલાવાડીયાએ તેમની વર્ષોની નિપુણતા અને અનુભવના આધારે લાભૂબેનના તમામ મેડિકલ પરિમાણોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. તેમણે હોસ્પિટલની અત્યાધુનિક ઓપરેશન થિયેટર (Modular OT) અને અનુભવી એનેસ્થેટિસ્ટ તથા પેરામેડિકલ સ્ટાફની મદદથી આ કઠિન સર્જરીને સફળતાપૂર્વક પાર પાડી.

ડો. હરકેશ ઝાલાવાડીયાએ આ અંગે જણાવ્યું કે, ''લાભૂબેનની ઉંમર અમારા માટે એક મોટો પડકાર હતી, પરંતુ તેમની જીવવાની પ્રબળ ઈચ્છાશકિત અને હોસ્પિટલની અદ્યતન સુવિધાઓએ અમને આ ઓપરેશનમાં સફળતા અપાવી. આયુષ્યમાન ભારત યોજના હેઠળ તેમને શ્રેષ્ઠ સારવાર આપવી એ અમારૂ કર્તવ્ય છે.''

ધર્મજીવન હોસ્પિટલના વહીવટીતંત્રે ડો. ઝાલાવાડીયા અને તેમની ટીમને આ માનવતાવાદી કાર્ય અને નોંધનીય સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે. આ સફળતાએ સમગ્ર અમરેલી જિલ્લા અને સૌરાષ્ટ્ર માટે તબીબી ક્ષેત્રે એક નવો આશાનો સંચાર કર્યો છે.

### તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં

# બાબરા : વી.એલ. ગેલાણી વિદ્યાયલના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં અગ્રેસર

## શાળા પ્રમુખ કાળુભાઇ ગેલાણીએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા


બાબરા, તા. ૧૪

બાબરામાં તાલુકા કક્ષાનો ખેલમહાકુંભ અહીં પંચશીલ શાળા તેમજ કમળશી હાઈસ્કૂલમાં પાંચ દિવસ સુધી યોજાયો હતો જેમાં તાલુકાની ખાનગી અને સરકારી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રમતો તેમજ એથ્લેટીક્સ રમતોમાં ભાગ લીધો હતો.

ત્યારે વીએલ ગેલાણી વિદ્યાલયના ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ અહીં રસાખેંચમાં ભાગ લીધો હતો જેમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેમજ શાળાની ધોરણ ૯ ની વિદ્યાર્થીની ઝાપડીયા હર્ષિતાએ ૧૦૦ મીટર દોડમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

આમ તાલુકા કક્ષાના ખેલમહાકુંભમાં વી.એલ. ગેલાણી વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા શ્રેષ્ઠ પ્રદશન કરી નંબર પ્રાપ્ત કરતા શાળા પ્રમુખ કાળુભાઈ ગેલાણી, અચાર્ય ઈલાબેન મારકણા, કેમ્પસ ડાયરેકટર દિનેશભાઈ ગેલાણી, સુપરવાઈઝર દયાબેન કરકર દ્વારા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાના ખેલાડીઓએ રાજય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં ગૌરવમય સિધ્ધિ હાંસલ કરી



અમરેલી, તા. ૧૪

તા. ૩૧ ઓક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ યુ–૧૪, યુ–૧૭ ભાઈઓ અને બહેનોની રાજય કક્ષા સ્વિમિંગ ટુનામેન્ટનું આયોજન સરદાર પટેલ સ્વિમિંગ પુલ રાજકોટ ખાતે મુકામે થયું હતું, તેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએ પાર્ટિસિપેટ કરેલ હતું. જેમાં અમરેલી જિલ્લામાંથી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્પોર્ટસ સ્કૂલ (DLSS)ના ખેલાડીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર રાજયમાંથી ટેલન્ટેડ સ્વિમિંગ ખેલાડીઓની વચ્ચે અમરેલી ટીમની આ સિદ્ધિ પ્રસંશાસ્પદ ગણાઈ રહી છે. જેમાં (૧)ધરજીયા કલ્પેશ ૨૦૦મી .ફ્રીસ્ટાઈલ અને ૧૦૦મી. બેક સ્ટ્રોક, (૨) શેખ પુજા ૨૦૦ મી. બેક સ્ટ્રોક (૩) વાળા અર્ચના ૫૦મી. ફ્રી સ્ટાઈલ ક અને ૧૦૦મી. ફ્રી સ્ટાઈલ તેમજ ૫૦મી. બેક સ્ટ્રોકમાં મેડલ મેળવી સિદ્ધીઓ પ્રાપ્ત કરી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રાજયકક્ષાએ રોશન કરેલ છે ત્યારે આ સિદ્ધિ સંસ્થાના ખેલપ્રણાલી અને નિયમિત કઠિન પ્રશિક્ષણનું શ્રેષ્ઠ પરિણામ છે. આ ખેલાડીઓ નેશનલ કક્ષાએ ગુજરાત રાજયનું પ્રતિનિધીત્વ કરશે. કોચના માર્ગદર્શન અને ખેલાડીઓની અવિરત મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ જીત મળી છે. ખેલાડીઓએ વિવિધ કેટેગરીઝમાં શ્રેષ્ઠ સ્કોર સાથે જીત મેળવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્વિમિંગ ખેલાડીઓ તેમજ કોચ પ્રીતમ પટેલ, ટ્રેનર દીપેન ઘૂતને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### નેશનલ ડ્રોઇંગ અને હેન્ડરાઈટીંગ સ્પર્ધામાં

# અમરેલીની પી.એન. વોરા વિદ્યાનિકેતનની વિદ્યાર્થીની હેન્ડરાઈટીંગ સ્પર્ધામાં અગ્રેસર

## કાયરા દાફડાએ સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યુ



૫ વિદ્યાર્થીની કાયરા મનીષભાઈ દાફડાએ ગોલ્ડ મેડલ મેળવી શાળાનું

અમરેલી, તા. ૧૪

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન અમરેલી સંચાલિત પી.એન. વોરા વિદ્યાનિકેતન પ્રા.શાળામાં સંચાલિત પી.એન. વોર વિદ્યાનિકેતન પ્રા.શાળામાં ''કલાભારતી બાલકલા સંસ્થા મહારાષ્ટ્ર આયોજીત ચાઈલ્ડ આર્ટ ઈન્સ્ટ્રીટયુશન દ્વારા ૨૦૨૪–૨૫માં નેશનલ ડ્રોઈગ અને હેન્ડ રાઈટીંગ સ્પર્ધાનુ આયોજન પ્રતિવર્ષ થાય છે. તેમાં આ વર્ષ રૂપાયતન સંસ્થાના ધો. ૫ થી ૮ના બાળકો ભાગ લીધો હતો. ધો. ગૌરવ વધારેલ છે. એ ઉપરાંત દરેક બાળકોને પ્રમાણપત્ર મળેળ બાળકોમાં ખુબ ઉત્સાહ વધેલ ઈન્ટરનેશનલ ડ્રોઈગ અને હેન્ડ રાઈટીંગ સ્પર્ધામાં ખુબ સફળ રહ્યા હતા.

ગોલ્ડ મેડાલીસ્ટ તથા પાસ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર હાર્દિક અભિનંદન પાઠવેલ છે.

આ સ્પર્ધાનુ માર્ગદર્શન આચાર્ય આરતીબેન ચાંપાનેરીએ આપેલ શિક્ષક દિપાલીબેન પ્રેકટીસ કરાવી.

# કુંકાવાવનાં નવા બનેલ માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાવતા રાજયમંત્રી કૌશિક વેકરિયા






કુંકાવાવ ખાતે નવા મંજુર થયેલી માર્કેટયાર્ડની ભુમી આજે ધારાસભ્ય અને રાજય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આમ હવે નવા યાર્ડની કામગીરી ચાલુ થઈ જતા તાલુકાના ૪૫ ગામડાના ખેડુતોને હવે બહાર દુર દુર મગફળી વેચવા નહી જાવુ પડે અને સ્થાનીક યાર્ડ ખાતે વેચાણ કરી શકશે જેના કારણે હજારો ખેડુતોને ખર્ચ અને સમયમાં ફાયદો થાસે આ પ્રસંગે મંત્રીએ રાજય સરકાર દ્વારા ખેડુત માટેની વિવિધ યોજનાના અને લાભો તેમજ માવઠામાં થયેલ નુકસાન બાબતે અને રાહત પેકેજની જાણકારી ચાલી હતી. જયારે નવા યાર્ડના ચેરમેન ગોપાલભાઈ અંટાળા દ્વારા નવા યાર્ડને મંજુર કરાવવા બદલ મંત્રીનું ભવ્ય સ્વાગત અને સન્માન કરીને તાલુકા વતી આભાર માન્યો હતો. આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, યાર્ડના ચેરમેન ગોપાલભાઈ અંટાળા, વાઈસ ચેરમેન રમેશભાઈ સાકરીયા, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, શૈલેષભાઈ ઠુમ્મર, વિપુલભાઈ રાંક, વસંતભાઈ સોરઠીયા, મનોજભાઈ હપાણી, સહીત તાલુકાના સરપંચો આગેવાનો તેમજ ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નવા યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી વેચાણનાં કાર્યને આવકારી અભિનંદન આપ્યા હતા.

# કાળ (સમય) વહેતો નથી આપણે જ વહ્યા કરીએ છીએ

## પગદંડી/લેખન

– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

''કાલો ન પાતો વયમેવ યાતા'' અર્થાત કાળ વહેતો નથી. પણ આપણે વહયા કરીએ છીએ. કહે છે ને સમય સમયનું કામ કરે છે. કોને ખબર છે સમય કામ કરે છે કે આપણે કરીઅ છીએ પણ એક વાત નિશ્ચિત છે કે આજે કોઈ પાસે સમય નથી. પુછીએ તો કહેશે ''ભાઈ સમ ખાવાય સમય મળતો નથી.'' અથવા એમ પણ કહે છે, ''મરવાનોય સમય નથી.'' આવી આવ કેટકેટલીય ફરિયાદો આપણે સાંભળતા હોઈએ છીએ.

પણ હકીકતમાં એવું હોય છે ખરૂ ? જો ધ્યાન દઈએ તો એવી ફરિયાદ કરવાવાળી ૨૪ કલાકમાંથી હળવા મળવામાં, મોબાઈલમાં બકવાસ કરવામાં ગામના ઓટલા ભાંગવામાં કેટલો સમય બગાડે છે ? અને પછી કહેશે ભાઈ સમય જ મળ તો નથી. કયાંથી સમય મળે. કોઈની કરવામાંથી ઉંચા આવે તો સમય મળ ને.

તો પ્રશ્ન એ થાય કે જો આપણને સમય મળતો નથી. તો પછી સમય પાસે સમય છે ? નથી. સમય કરી શકે એવુ કોઈ ન કરી શકે. આપણે તો માત્ર કટપૂતળી છીએ. સમય જેમ નચાવે તેમ નાચીએ છીએ મુંબઈમાં જોયું છે ? કીડિયારૂ દોડતુ હોય એમ માણસો દોડતા હોય છે. રઘવાયા ઢોરની જેમ ભડકેલ ભેંસની જેમ.

શું આપણે કયારેય ધ્યાન દઈને જોયું છે. (૧) અત્યારે જે શ્વાસ અંદર લીધો તે જ શ્વાસ બીજી વખત મળવાનો છે ? (૨) નદીમાંથી ખોબો ભરી પાણી પીધા પછી બીજા ખોબામાં એ જ પાણી આવવાનું છે ને પહેલા લીધેલ ? એક ફુલની સુગંધ લીધી એવી જ સુંગધ બીજા ફુલમાં મળવાની છે ? તમે જે ઘડિયાળમાં સમય જોયો એ જ સમય બીજી વખત જોવા કે મળવાનો છે ?

એટલે જ કહે છે કે સમયને તમે સાચવશે તો સમય તમને સાચવશ સમય એક એવી અમૂલ્ય ચીજ ભેટ છે કે એક ક્ષણ પણ ગુમાવવી ન જોઈએ. આપણું જીવન પણ ક્ષણક્ષણના ગુણાકાર જેવું છ. બાદબાકી કરી એટલે પત્યુ અત્યારે જે સમય તમારી પાસે છે એ આવતી કાલે નહિ હોય. ભૂતકાળ ની ચિંતા કર્યા સિવાય આજમાં વર્તમાનમાં જીવીએ. આજના ચોવીસ કલાકમાંથી કિલો સમય બચાવી શકાય તેમ છે એનું આયોજન કરવું જોઈએ.

સમય નથી એમ કહેનારા પ્રમાદીઓ હોય છે. કર્મયોગી નહિં જગતમાં થઈ ગયેલ અસંખ્ય મહાન માણસોનો ઈતિહાસ વાંચીએ તો જણાશે કે તેઓ કેમ જીવ્યા હતાં. એમણે કયારેય એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવી નથી.આપણા જ રાષ્ટ્રપિતા ગાંધીજીની વાત કરોને તેમને વાંચીએ તો જ ખ્યાલ આવે કે તેઓ કેમ જીવ્યા હતા. વિનોબા ભાવે, સરદાર વલ્લભભાઈ પટેલ શું માણસો હતા ? છતાં આજે આપણે એમની બુરાઈ કરવામાંથી ઉંચા આવતા નથી.

વિશ્વના મહાન સાહિત્યકાર ફ્રાન્સના મહાન લેખક બાલઝાકે પોતાની મહાન કૃતિ અનેક દિવસો સુધી ખેડમાં પુરાઈને લખી હતી. એવા જ બીજા લેખક જોસેફ કોનરાડે એ પણ મહિનાઓ સુધી ઓરડામાં પુરાઈને સર્જન કરેલ છે. એનાથી પણ ચડે તેવા લેખક અમેરિકન પિચનર ૧૫૩ દિવસ રૂમમાં પુરાઈને એકાંતવાસમાં વિશ્વવિખ્યાત કૃતિનું સર્જન કર્યુ હતું ?

સમયનું આયોજન એટલે ઘડિયાળનું નહિ પણ જીવનનું આયોજન કહેવાય છે આવી ક્ષણેક્ષણનું આયોજન કરનારને આપણે વેદિયો, ચૂંચિયો કહીએ છીએ. પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે એ વેદિયા ચૂંચિયાએ જીવનમાં શું મેળવ્યું તે આપણે શું ગુમાવ્યું ? એનો વિચાર કર્યો છે ?

તમે વિચારો તો ખરા કે ક્ષણક્ષણ આપણને નવીનતા બક્ષે છે એટલે જ સ્વામી વિવેકાનંદે કહ્યું ને ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો. પણ આપણે તો પેલા ભૂખ્યા શિયાળ જેવા છીએ. દ્રાક્ષ ન મળી તો લડાઈ હાંકી છે. આવી ખાટી દ્રાક્ષ ખાવી જ હતી. કાળ સમય ક્ષણક્ષણ પળ પળનો બનેલો હોય છે. અને વહી જતો હોય છે શું આપણે સમયને વહેલા નીરને પવનને સુગંધ–દુર્ગંધને રોકી રાખીશું ? હરગીઝ નહિ. જો સફળતા મેળવવી હશે તો સમય સાથે ચાલવું પડશે. સમયને સાધવો પડશે.

એક યુવાન દરિયા કાંઠે સવારથી તે સાંજ સુધી ઉભો રહ્યો કોઈએ પૂછયુ કેમ ભાઈ આખો દિવસ અહિં ઉભા છો ? ત્યારે પેલો યુવાન કહે છે આ દરિયાના મોજા બંધ થાય તો મારે તેમાં ન્હાવું છે. પેલા પૂછનારે તે યુવાનને માર્યો ધકકો ને પડયો દરિયામાં.

કાળ તો અનંત છે. એની પાસે જીવન કોઈ નથી. એટલે જ અંતમાં એટલું જ કે જો સમયને સાચવી લઈશું તો, સમય આપણને સાચવી લેશે. વહેતા જળને, સમયને, પવનને રોકી શકાય નહિ. આપણે જ તેની સાથે વહેવા માંડવુ રહ્યું – અસ્તુ.

# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## ડાયાબિટીસ





**ડાયાબિટીસ**


એ ચયાપચયની ક્રિયા (મેટાબોલિઝમ)ની વિષમતાનો રોગ છે. તેના ત્રણ પ્રકાર છે :(૧) ઈસ્યુલિન આધારિત (ટાઈપ–૧) (૨) ઈસ્યુલિન બિનઆધારિત (ટાઈપ–૨)(૩) સગર્ભાવસ્થામાં ડાયાબિટીસ આ સિવાય અન્ય કારણસર થતા ડાયાબિટીસ (સેકન્ડરી)માં કોઈક રોગ કે ઓપરેશનથી સ્વાદુપિંડ (પેન્ક્રિયાસ)માં નુકસાન થાય તેના કારણે.ઘણી સ્ત્રીઓને માત્ર સગર્ભાવસ્થામાં જ રહે અને સુવાવડ પછી નોર્મલ થઈ જાય. આવી સ્ત્રીઓને ઘણાં વર્ષપછી કાયમી ડાયાબિટીસ થઈ શકે.ટાઈપ–૧ વારસાગત જનીન પ્રકૃતિ યા વાઈરસના ચેપના કારણે થાય છે. વીસ વર્ષથી નાની ઉંમરમાં જોવા મળ ે. ટાઈપ–૨ વારસાગત, ચાળીસથી મોટી ઉંમરે, મેદસ્વિતા, બેઠાડું જીવન તથા દવાઓના કારણે થઈ શકે.

**બાળપણના ડાયાબિટીસનાં લક્ષણો** વધુ પડતોપેશાબ થવો, વધુ ભૂખ અને તરસ લાગવી, થાક લાગવો. ઘણી વાર કીટોએસીડોસીસ જેવા જીવલેણ કોમ્પ્લિકેશનમાં પેટના દુખાવા સાથે દર્દી આવે અને તપાસમાં ખબર પડે.**પુખ્ત વયના ડાયાબિટીસનાં લક્ષણો** વધુ પડતો પેશાબ, તરસ અને ભૂખ લાગે. થાક લાગે, ઘા ન રૂઝાય, ગુપ્ત ભાગમાં વારંવાર ચેપ, હાથ–પગમાં ખાલી ચડવી, ઝણઝણાટી થવી કે બળતરા થવી, આંખમાં ઝાંખપ, ચશ્માના નંબર વારંવાર બદલાય, મોતિયો નાની ઉંમરે આવે. વજન એકદમ ઊતરે. ઘણી વાર શારીરિક તપાસ કરાવવા જાવ ત્યારે જ જાણ થાય.**તકલીફ (કોમ્પલીકેશન) :** આંખ, હૃદય, કિડની, ચેતાતંતુઓ, રકતવાહિનીઓ અને ચામડીને લાંબા સમયે ભારે નુકસાન થાય છે.ગ્લુકોઝનું પ્રમાણ : ભૂખ્યા પેટે ૮૦ થી ૧૧૦ મિ.ગ્રા. જમ્યા બાદ ૨ કલાકે ૧૪૦ મિ.ગ્રા.જો ભૂખ્યા પેટે ૧૧૦થી ૧૨૬, જમ્યા બાદ ૧૪૦ થી ૧૮૦ મિ.ગ્રા. હોય તો તેને ડાયાબિટીસ પહેલાનું સ્ટેજ (આઈ.જી.ટી.) કહે છે. ભૂખ્યા પેટે ૧૨૬થી વધારે અને કોઈ પણ સમયે ૨૦૦થી વધારે હોય તો તેને ડાયાબિટીસ થયો કહેવાય. ગ્લુકોઝની મોટી વધઘટ થાય તો દર્દી બેભાન થઈ શકે.**(ક્રમશઃ)**

## ઘડિયાળનો શોધક જોહન હેરિસન



સમુદ્રમાં જહાજનું નિશ્ચિત સ્થાન અક્ષાંશ અને રેખાંશ વડે જાણવા મળે છે. કોઈપણ સ્થળ ના અક્ષાંશ અને રેખાંશ જાણવા માટે મરિનક્રોનોમીટર નામનું સાધન વપરાય છે. તેની શોધ જોહન હેરિસન નામના વિજ્ઞાનીએ કરી હતી. ઘડિયાળની શોધ કોણે કરી તે અંગે મતમતાંતર છે. એક જ સમયગાળામાં જુદા જુદા દેશોમાં ઘડિયાળો બનાવવાની કળા વિજ્ઞાન હતી. બ્રિટનમાં જોહન હેરિસન ઘડિયાળો બનાવવા માટે સુપ્રસિદ્ધ હતો. તેણે ઈ.સ. ૧૭૨૦માં બનાવેલી ટુરેન્ટ ક્લોક આજે લિન્કેનશાયરમાં ચાલુ સ્થિતિમાં જોવા મળે છે. તેણે નવા પ્રકારની લોંગકેસ ક્લોક બનાવી. તે સંપૂર્ણ લાકડાની બનેલી હતી. ચક્રો પણ લાકડાના હતા. લાકડાની આ ઘડિયાળો આજે પણ લંડન મ્યુઝિયમમાં જોવા મળે છે. તે જાણીતો થયો હતો અને પ્રસિધ્ધ વિજ્ઞાનીઓના સંપર્કમાં આવ્યો.




જોહન હેરિસનનો જન્મ ઈ.સ. ૧૬૯૩ના એપ્રિલની ત્રણ તારીખે બ્રિટનના યોર્કશાયરના ફોલ્બી ગામે થયો હતો. તેના પિતા સુથારીકામ કરતા હતા. હેરિસન ક્યાંય ભણવા ગયો નહોતો. પિતાની વર્કશોપમાં વિવિધ મશીનરી બનાવતાં શીખ્યો હતો. ઈ.સ. ૧૭૦૦માં તેનો પરિવાર લિંકનશાયર રહેવા ગયો. ત્યાં હેરિસને ઘડિયાળો બનાવવાનું કામ શરૂ કર્યુ. તે જમાનામાં અનેક પ્રકારની ઘડિયાળો બનતી. હેરિસને આગવી સૂઝથી વધુ સુવિધાવાળી ઘડિયાળો બનાવી. ૨૦ વર્ષની ઉંમરે હેરિસને ગ્રીનવીચ અને પેરિસને પાયાના રેખાંશ ગણી સમુદ્રમાં જહાજની સ્થિતિ શોધી કાઢ વાનું યંત્ર પણ બનાવેલું. એડમન્ડ હેલી અને જયોર્જ ગ્રેહામ જેવા જાણીતા વિજ્ઞાનીઓને તેણે આર્થિક તેમજ અન્ય મદદ કરેલી. હેરિસને શોધેલી સમુદ્રી ઘડિયાળ ૧૩ સેન્ટીમીટર વ્યાસની હતી. આજે તે એચ–૪ના નામે ઓળ ખાય છે. હેરિસનની અથાગ મહેનતને પ્રયાનમાં લઈ બ્રિટનની સંસદે તેને વીસ હજાર પાઉન્ડની આર્થિક સહાય કરેલી. ઈ.સ. ૧૭૭૬ના માર્ચની ૨૪ તારીખે તેનું અવસાન થયેલું.



બાલમિત્રો,

એક કહેવત છે, અમો વરતો સાવધાન, એટલે સમયને જાણે ઓળખે ત્યારે સાવધાન બની જવાનું હોય, કારણ કે સમય જ આપણને નીચે કે ઉંચે પહોંચાડે છે.સમય મુજબ જે ન ચાલે તેનો વિકાર, ઉન્નતિ થતી નથી. વિશ્વનાં તમામ મોટા, કાબેલ, સફળ માણસોએ સમયને પીરેયેસો એટલે તો તેઓ આગળ વધી શકયા ને આપણે ત્યાં ના ત્યાં જ છીએ.

આપણે તમારા પ્રિય ક્રિકેટ ખેલાડીઓની જ વાત કરીએ. જેઓએ સમયને ઓળખી રાત–દિવસ મહેનત કરી. ખાવા–પીવાનું, ઉંઘવાનું, દુઃખદર્દ કોરાણો મુકી બસ તેની પાછળ પુરી તાકાત લગાવી દીધી. ને અંતે તેઓ સફળવાને વરેલ હોય છે. શ્રેષ્ઠ ક્રિકેટરોની સેવા કરી હોય, એમનાં અપમાન સહન કર્યા હોય, ત્યારે અમારી વધી શકયા હોય છે.



ઉગ્રેત, ઠંડી, ગરમી, વર્ષાની પણ પરવા ન કરી હોય,

બોલો તમે ભણવામાં આવું કરી શકો છો ? ઉંઘવામાંથી, મોબાઈલમાંથી ઉંચા આવતા નથી. ને આપણને સફળતા જોઈએ આળસ અને સફળતાને બારગાઉનું છેટુ હોય છે. એટલે જ કહે છે, સફળતા તેને જઈ વરે જે પરસેવે ન્હાય....

## કીડી અને રાજવીબહેન



એક હતી નાનકડી બેબી. નામ તેનું રાજવીબહેન. એક વખત પાટીમાં લખતાં લખતાં હાથમાંથી પેન નીચે પડી ગઈ. તે લેવા માટે રાજવીબહેન વાંકાં વળ્યાં. ત્યાં તેણે જોયું કે એક કીડીબહેન બેઠાં'તાં. અને બેઠાં બેઠાં રોતા'તાં.

રાજવીબહેને પૂછ્યું, '' કીડીબહેન ! કેમ રડો છો ? શું થયું ?''

કીડીબહેન કહે, ''ભૂખ લાગી છે. પેટમાં ખાડો પડી ગયો છે.''

રાજવીબહેન આ સાંભળ ીને રસોડામાં દોડયાં. રસોડામાં જઈને ખાંડનો ડબ્બો ખોલ્યો. અને તેમાંથી ખાંડની બે ત્રણ કણી લઈ આવ્યાં. કીડી બહેનને તે બે ત્રણ કણી પીરસીને બોલ્યાં,

''લો, ખાંડ જમો અને ખુશ થઈને રમો.''

કીડીબહેને ખાંડના બે કણ ખાધા. ધરાઈ ગયાં. એટલે એક કણ રહેવા દીધો.

ખાઈ લીધા પછી કીડીબહેન પાછાં રોવા મંડ્યાં.

રાજવીબહેને પૂછ્યું, '' હજુ કેમ રડો છો ? હવે શું ખાવું છે ? પાણી પીવું છે ?''

કીડીબહેન કહે, ''હવે હું કયાં જાઉં ? મારી બધી બહેનપણીઓ મને મૂકીને ચાલી ગઈ. હું તો છૂટી પડી ગઈ.'' એમ બોલી ફરી રડવા લાગ્યા.

''અરે, હું તમને તમારી બહેનપણીઓ પાસે મૂકી જાઉં.'' પછી એમ કહીને રાજવીબહેને એક નાનો કાગળિયો લીધો. કીડીબહેન પાસે મૂક્યો. કીડીબહેન એની ઉપર બેઠાં એટલે રાજવીબહેને કીડીબહેનને ખાંડની કણી પણ આપી. ''લો, આ તમારૂ ભાતું.'' એમ કરી કીડીબહેનને ઉડતી શેતરંજીની જેમ ઉંચક્યા. કીડીબહેનને મજા પડી ગઈ.

એ પછી જયાં ઘણી બધી કીડીઓ હારબંધ ચાલી રહી હતી ત્યાં જઈને કાગળ નીચે મૂક્યો. કીડીબહેન નીચે ઊતરીને બધી કીડીઓમાં ભળી ગયાં. બધી કીડીઓ પણ ખોવાયેલી આ કીડીને જોઈને રાજી રાજી થઈ ગઈ.

ત્યાં તો અચાનક ''એ મમ્મી.... મમ્મી....'' – એવી રાજવીબહેને ચીસ પાડી. ને ચીસ સાંભળીને બધી કીડીઓ દોડી આવી. આવીને જોયું તો એક ગરોળી રાજવીબહેનની પાટી ઉપર બેઠી હતી. રાજવીબહેને એને જોઈને ડરના માર્યા ચીસ પાડી હતી.કીડીઓ કહે, ''બીશો નહીં, બીશો નહીં, રાજવીબહેન ! અમે તો બધી બહુ જબરી છીએ. અમે તો કાળા નાગને પણ હંફાવી દઈએ. એટલે તો એક કવિએ અમારૂ ગીત બનાવ્યું છે –''કીડી કાળા નાગનો પ્રાણ જ લે તતખેવ.''કીડીઓ ગરોળીને વળગી પડી અને રાજવીબહેનના ઉંબરાની બહાર તેને ખદેડી આવી. ઘૂસણખોરોને જેવી રીતે આપણા સૈનિકો સીમારેખાની બહાર ખદેડી આવે ને, એમ ! રાજવીબહેન તો રાજી રાજી !!

## કાકા કાલેલકર




**૩૬. વિદાય**

ગમે તેટલા ઉત્સાહથી માણસ જેલમાં ગયો હોય તોપણ જેલના દિવસો જયારે પૂરા થાય છે અને છૂટવાનો દિવસ નજીક આવે છે ત્યારે રાજી થાય છે. પણ મારી સ્થિતિ આ વખતે ઊલટી હતી. કેદી હોવાથી મરજી પ્રમાણે દીવાલ બહાર જવાતું નહીં એ ખરૂ, પણ બાપુજી સાથે રહેવાનું મળ્યા પછી બહાર જવાની ઈચ્છા જ થતી ન હતી. જેલના નિયમો અને બંધનો ગમે તેવાં આકરાં હોય તોયે બાપુજી સાથે રહેવાનું મળતું હોવાથી, એ બંધનો ધ્યાનમાં પણ આવતાં નહીં; એમ જ લાગતું કે સાડા પાંચ મહિના ઘેર રહેવાનું મળ્યું હતું અને હવે ઘરમાંથી મને કાઢી મૂકવામાં આવશે. તેથી હું દિવસ ગણતો તે આશા સાથે નહીં પણ અમુક જાતના વિષાદ સાથે. આખરે એ દિવસ આવ્યો. મારો સામાન બધો ઠીકઠાક કરી જેલરના દફતરે મોકલ્યો. નાહીધોઈને તૈયાર થયો.

બાપુજીએ પ્રેમથી કેટલીક સૂચનાઓ આપી : '' આટલા દિવસના લગભગ એકાંત પછી બહારની ધમાલમાં જવાનું થશે. એટલે મન ઉત્તેજિત થશે. માટે બહાર જતાંવેંત પહેલે દિવસે ખોરાક ઓછો કરવો સારો. બધાને મળાશે, પણ તેથી રાત્રે ઉજાગરો કરવો નહીં.''

મેં નીચા વળીને પ્રણામ કર્યા. મારી આંખો ભીની થઈ એનું કાંઈ નહીં બાપુજીની પણ ભીની થઈ. એમણે મારી પીઠ પર જોરથી ધપ્પો માર્યો અને એ વાટે પ્રેમ અને આશીર્વાદ બન્ને આપ્યા. વિરહ એટલે શું એનો અનુભવ તે દિવસે મને થયો.

આટલા દિવસ લાગલાગટ બાપુજી જોડે અદ્વિતીયપણે રહેવાનું મળ્યું એ લાભ આ પહેલાં પણ મને મળ્યો ન હતો અને પછી પણ ન મળ્યો. એટલે એ સહવાસની ધન્યતા અલૌકિક જ ગણાય.

## વાર્તા – પ્રેરણા

બાળમિત્રો, અહીં આપેલ ચિત્રકથાને ૧૦–૧૫ લીટીમાં સાંકળીને તમારા વિચારો વાર્તારૂપે લખી મોકલો. તમારી મોકલેલ વાર્તામાંથી શ્રેષ્ઠ ત્રણ વાર્તાઓને મેગેઝિનમાં સ્થાન મળશે તથા બાકીના બાળમિત્રોનાં નામ છપાશે. આ મહિનાના અંકની ૧૨મી તારીખ સુધીમાં વાર્તાનું શીર્ષક, તમારૂ નામ–સરનામા, ધોરણ તથા શાળાના નામ સાથે મોકલશો.



## વાણિયા બદાણિયા




વીશ હતા વાણિયા.

વીશે જણા જાત્રા કરવા નીકળ્યા. ચાલતાં ચાલતાં રસ્તે એક નહેરૂં આવ્યું. નહેરૂંનું નામ જાંબુડિયું.

નહેરૂં ખૂબ જ ઊંડું, દિવસેય પૂરો તડકો ન આવે.

વાણિયા એ નહેરામાંથી જતા હતા, ત્યાં સામેથી ચોર મળ્યા. એક તો વાણિયા ને એમાં ચોર મળ્યા ! વાણિયાની કાછડીઓ તો ઢીલી થવા માંડી.ત્યાં તો ચોરે હાકલ કરી : 'એલા કોણ છે એ લૂગડાંલત્તાં ને ઘરેણાં ગાંઠાં કાઢી નાખો, નહિ તો મૂઆ પડ્યા છો !'પણ વાણિયા સમયસૂચક ખરા ને ! સામા થઈને શું કરે ? કહે : 'કયો ભાઈ ના પાડે છે ? આ લૂગડાં ને આ લત્તાં, આ ઘરેણાં ને આ ગાંઠાં, ના પાડે એ તમારો દીકરો.'ચોરને તો ભસ પાકી. ઘરેણાં ગાંઠાં ને લૂગડાંલત્તા ઝટપટ ઉપાડી લીધાં અને ગાંસડા બાંધીને ચાલી નીકળ્યા.વાણિયાભાઈ તો ઊભા થઈ રહ્યા પણ મનમાં વિચાર કરવા લાગ્યા : 'માળું, આમ ચોર લૂંટી જાય એ તો કાંઈ ઠીક નહિ. એમ તો પછી આપણી ડાહી જાત લાજે. માટે કાંઈક જુકિત કરવી જોઈએ.' જુકિત વિચારીને એક વાણિયો ચોરની પાછળ દોડ્યો. પાસે જઈને બે હાથ જોડીને કરગરીને કહેવા લાગ્યો : 'એ ભાઈ ! એક મારી અરજ છે, જરા સાંભળશો.'ચોર કહે : 'હવે જા જા, ગોલો થા મા. એમ કાંઈ અમે ભોળ વાઈએ એમનથી. તું વાણિયો તો અમે સાત વાણિયા !'વાણિયો કહે : 'બાપુ ! એમાં ભોળવવાની વાત જ નથી. અમારાથી તે તમને કંઈ પહોંચાય ?'એક ચોર કહે : 'ઠીક, જરા જોઈએ શી અરજ છે ?'વાણિયો કહે : 'આ જરાક જોતા જાવ, અમે એક નવી ભવાઈ શીખ્યા છીએ. અમારે સો ગામ કરી બતાવવી છે. તમે પારખું માણસ ! જોઈને કહો કે બરાબર આવડે છે કે નહિ.'બીજો ચોર કહે : 'એ ભાઈ ! એમાં કયાંક વાણિયાભાઈની ગત ન હોય, હો ! ઈ વાણિયાની ગત વાણિયા જ જાણે.'વાણિયો કહે : 'એમાં કાંઈ ગતે નથી ને બતે નથી. આ અમારે તો તમને બતાવવું છે. જોતા જાવ તો ભલા ઠીક, નીકર અમારો કાંઈ હુકમ ચાલે છે ?' ત્રીજો ચોર કહે : 'અરે ભાઈ ! કોને સમજાવે છે ? ભવાઈ તો તરગાળા કરે, ઓછબિયા કરે. ક્યાંઈ વાણિયા તે કરતા હશે ?'વાણિયો કહે : ' વાણિયોય કરે ને એના બાપેય કરે. વખાના માર્યા સૌ કરે. હવે ભાઈ જોવી હોય તો હા કહો એટલે કરીએ નહિતર રહ્યું !' ચોરો કહે : ' તો ભાઈ, ચાલો ને જોતા જઈએ ! ત્યાં ઈ બકાલ વાણિયાની શી બીક છે ? ને સિવાય આપણી આ બંદૂક ને તલવાર ક્યાં ગઈ છે ?'ચોર તો ભવાઈ જોવા બેઠા ને વાણિયા ભવાઈ કરવા માંડયા.વાણિયાઓ તો પહેલાં વેશ ગણપતિ દાદાનો લાવ્યા ને ગાવા માંડ્યા :'દુંદાળો દુઃખભંજનો ને સદા ય બાળ વેશ,દુંદાળો દુઃખભંજનોને સદા ય બાળેવેશ.ચોર કહે : 'માળું, ભવાઈ કરતાં આવડે તો છે !'પછી બ્રાહ્મણનો વેશ આવ્યો, બ્રાહ્મણ તો વાવડી ખોદતો જાય ને ગાતો જાય :'એક ભરમો વાવડી ખોદે નેભરમો રામ રામ જી રે,એક ભરમો વાવડી ખોદે ને ભરમો રામ રામ જી રે.'

ચોર કહે : 'સાચું હો ! વાણિયાનેય ભવાઈ તો આવડે !'પછી કહે : 'એલા વાણિયાઓ ! આ નવો વેશ નથી. આ તો જે બધે થાય છે, એ જ વેશ છે. વાણિયા કહે : 'લ્યો ત્યારે, નવો વેશ તો હજી હવે આવશે. ઈ નવા વેશ સારૂ તો તમને દેખાડીએ છીએ.ત્યાં વાણિયે જાંબુડિયાનો વેશ કાઢ્યો.જાંબુડિયો થયેલો વાણિયો તો કૂદવા, નાચવા ને ગાવા લાગ્યો :'આમ કડો, તેમ કડો,જઈ જાંબુડિયે જાણ કડો.આમ કડો, તેમ કડો,જઈ જાંબુડિયે જાણ કડો.'વાણિયા તો બધા ભેગા થઈ નાચવા ને ગાવા મંડ્યા :'આમ કડો, તેમ કડો,જઈ જાંબુડિયે જાણ કડો.આમ કડો, તેમ કડો,જઈ જાંબુડિયે જાણ કડો.'ચોર તો સામે જોઈ રહ્યા. એકબીજાને કહે : 'માળ ા વાણિયા છે કાંઈ ! હટાણું વેચતાં ભવાઈ કરવા મંડયા, પણ માળી આવડે તો છે !'ત્યાં તો બધામાંથી એક વાણિયો જરા જુદો ચાલવા લાગ્યો.

'આમ કડું, તેમ કડું,
જઈ જાંબુડિયે જાણ કડું,
તેમ કડું, આમ કડું
જઈ જાંબુડિયે જાણ કડું.'

બીજા વાણિયા ઝીલવા લાગ્યા ને આ વાણિયો ગાતો ગાતો પાછે પગે જવા લાગ્યો.

ચોરો તો જોઈ રહ્યા.

એમ ગાતાં ગાતાં એક વાણિયો તો ક્યાંનો ક્યાંઈ ગયો. દૂર જઈને જાંબુડિયે ગામ પહોંચ્યો. જઈને ફોજદારને બધી વાત કહીને સિપાઈ લઈને નહેરો ભણી ચાલી નીકળ્યો.

અહીં તો બીજા વાણિયાઓએ વેશ ઉપર વેશ કાઢવા માંડ્યા.કેરબાનો કાઢ ્યો, ડાગલાનો વેશ કાઢ્યો, બીજા કેટલાયે વેશ કાઢ્યા.ત્યાં તો ઘોડાના ડાબલા સંભળાયા. વાણિયાઓએ જાણ્યું કે 'હં, સિપાઈ આવી પહોંચ્યા છે, હવે ચોર સપડાશે.'ચોરે ઘોડાના ડાબલા સાંભળ્યા ને તેઆ ચમક્યા. પણ ત્યાં તો વાણિયાઓએ ઘોડાનો જ વેશ કાઢ્યો ને ગાવા મંડ્યા :'વાણિયા બદાણિયા આવે છે,ને ઘોડાનો વેશ લાવે છે,વાણિયા બદાણિયા આવે છે,ને ઘોડાનો વેશ લાવે છે.ચોરોના મનમાં એમ થયું કે આ તો ઘોડાનો વેશ આવે છે, અને એમાં ઘોડાના ડાબલા સંભળાય છે. તેઓ તો બેઠા. ત્યાં તો ખાખી લૂંગડાવાળા ફોજદાર ને સિપાઈ દેખાયા. ચોર બીના ને નાસવા લાગ્યા. પણ ત્યાં તો વાણિયાઓએ ગાયું :'વાણિયા બદાણિયા આવે છે,ને ફોજદારનો વેશ લાવે છે,વાણિયા બદાણિયા આવે છે,ને સિપાઈનો વેશ લાવે છે.ચોર કહે : 'અરે, આ તો વેશ છે ! વાણિયા માળા ભારે સાચેસાચા વેશ કાઢતા લાગે છે.'ત્યાં તો સિપાઈ અને ફોજદાર આવી પહોંચ્યા ને ચોરને પકડી મુશ્કેટાટ કર્યા.ને વાણિયાભાઈ પછી પોતાનાં લૂગડાંલત્તાં ને ઘરેણાંગાઠાં લઈ ઘરભેગા થઈ ગયા.

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની દિકરીઓ ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધામાં ચમકી










યુગનિર્માણગાયત્રીપરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દિકરીઓએ તાલુકા કક્ષાએ યોજાયેલ ખેલમહાકુંભનીવિવિધસ્પર્ધામાં જુદા જુદા વિભાગમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝમેડલપ્રાપ્તકરીસંસ્થાનુંગૌરવવધાર્યુ છે. હાલ ચાલી રહેલ ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત ધારી મુકામે તાલુકા કક્ષાની સ્પર્ધા યોજાઈ. જેમાંએથ્લેટીકસ, ખો–ખો, કબડી, ચેસ સ્પર્ધામાં રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દિકરીઓએ ઉમદા પ્રદર્શન કર્યુ હતું. એથ્લેટીકસ (બહેનો) સ્પર્ધામાં ૩ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ, ૨ બ્રોન્ઝ મેડલ તેમજ અન્ય સ્પર્ધામાં ૫ ગોલ્ડ મેડલ, ૪ સિલ્વર, ૧ બ્રોન્ઝ મેડલ મેળવી અનેરી સિધ્ધિ હાંસલ કરી છે. આ ઉપરાંત ખો–ખો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રથમ નંબર તેમજ કબડી સ્પર્ધામાં પણ ગોલ્ડ મેડલ પ્રથમ નંબર પ્રાપ્ત કરી જીલ્લા કક્ષાની સ્પર્ધા માટે સિલેકટ થઈ છે, જે ખુબ જ પ્રશંસનીય છે. સાથે ચેસ સ્પર્ધામાં પણ પ્રથમ અને દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ચલાલાના પી.ટી. ટીચર અને કોચ હેતલબેન બારૈયાના માર્ગદર્શન નીચે હવે આ દીકરીઓ જીલ્લા કક્ષાની સ્પર્ધામાં પોતાની પ્રતિભા બતાવશે. આ તમામ દીકરીઓ ઉતરોતર પ્રગતિ કરે તેવા આશીર્વાદ સંસ્થાના વડા પૂ. સંત ડો. રતિદાદા એ પાઠવ્યા હતા. ભારતભૂષણ મહેશભાઈ મહેતા, ડાયરેકટર શીતલબેન મહેતા, રક્ષા શકિત સ્કુલના આચાર્ય તુષારભાઈ સહીત સ્ટાફગણે તમામ દીકરીઓને શુભેચ્છા પાઠવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયા મોટાનાં સલડી ગામે

ચુંટણીને રાગદ્રેશ રાખી આરોપીઓ એક સંપ થઈ આ કામે સલડી ગામનાં રહીશ પાટીદારો પર જીવલેણ હુમલો કરવામાં આવેલ. ત્યારબાદ ગંભીર ઈજાઓ થતાં તેઓ અમરેલી સિવિલમાં દાખલ કરવામાં આવેલ ત્યારબાદ લીલીયા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૫૦૩૩૮૧૨૫થી ગુન્હો દાખલ થયેલ. ત્યારબાદ બીએનએસની કલમ–૧૦૯ (૧), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩) તથા ગુજરાત (બોમ્બે) પોલીસ અધિનિયમ એકટ–૧૩૫ મુજબ ગુન્હો દાખલ થયેલ જે કામે ૧૬ જેટલા આરોપીની અટક કરવામાં આવેલ. ત્યારબાદ તે પૈકી મહેશભાઈ ગોવિંદભાઈ ડેર, રણજીતભાઈ મહેશભાઈ ડેર, મીલનભાઈ જાગાભાઈ ડેર, જીતુભાઈ મનુભાઈ ડેર, લલીતભાઈ ભુરાભાઈ ડેર, રમેશભાઈ લખુભાઈ ડેર, પરેશભાઈ રાવતભાઈ ડેરએ સાવરકુંડલા સેશન્સ કોર્ટ જામીન અરજ કરેલ જે કામે ફરીયાદી તથા ગામના રહીશો દ્વારા ધારાશાસત્રી જે.આર. વાળા દ્વારા વાંધાઓ રજુ કરવામાં આવેલ તે કામે બન્ને પક્ષોને સાંભળતા બધા આરોપીઓને જેલમાં યથાવત રાખવાનો હુકમ સાવરકુંડલાના નામ. મહે. મેજીસ્ટ્રેટ જજ સાહેબ દ્વારા કરેલ છે. ફરીયાદી તર્ફે એડવોકેટ જે.આર. વાળા તથા એડવોકેટ વી.ડી. વડેરાની દલીલો સફળ રહી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરા : એસ.ટી. નાં અણઘડ વહીવટને

બંધનું એલાન પરત ખેંચવામાં આવ્યુ છે. બગસરા એસ.ટી. ડેપોનો વહીવટ છેલ્લાં સમયથી ખાડે ગયો હતો. લોકોની નવા રૂટ શરૂ કરવાની માંગ તો દૂર રહી પરંતુ ચાલુ રૂટ પણ બંધ કરી નાખવામાં આવ્યા હતા. તેથી શનિવારે બગસરા બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ. એલાન બાદ ધારાસભ્ય જે.વી. કાકડીયા તાત્કાલિક દોડી આવ્યા હતા અને સામાજિક સંસ્થાઓ સાથે બેઠક યોજી હતી અને બંધ થયેલા એસ.ટી. રૂટ ચાલુ કરવાની લેખીતમાં બાહેધરી આપી હતી તેમજ ડિસેમ્બરમાં નવા ડ્રાઈવર આવશે ત્યારે બંધ થયેલા તમામ રૂટ શરૂ કરવાની બાહેધરી આપી હતી. સાથોસાથ આવનારા સમયમાં બગસરા–વડોદરા–પાવાગઢ, માતાના મઢ, ગાંધીનગર, દ્વારકા, નાથદ્વારા જેવા નવા રૂટની બસ ચાલુ કરવાની પણ ખાતરી આપવામાં આવી હતી.

બગસરા એસ.ટી. ડેપોમાં છેલ્લાં ઘણા સમયથી વહીવટ કથળ્યો હોવાથી સામાજિક સંસ્થાઓ આકરા પાણીએ હોવાથી ધારાસભ્ય જે.વી. કાકડીયાને તાત્કાલિક ગાંધીનગરથી દોડી આવ્યા હતા અને મામલતદારની હાજરીમાં સામાજિક સંસ્થાઓ સાથે બેઠક યોજી રૂટ ચાલુ કરવાની બાહેધરી આપી હતી પરંતુ બગસરામાં પ્રથમવાર ડેપો મેનેજરની બદલી કરવા માટે સંસ્થાઓ દ્વારા ધારાસભ્યને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી અને ધારાસભ્યએ સંસ્થાઓની હાજરીમાં જ કોઈ કડક અધિકારીની બગસરા ડેપોમાં નિમણૂંક કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૩૦ | ૧૨૩૧ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૯૦૦ | ૯૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૦૦ | ૧૨૭૭ |
| ૪ | શિંગ મોટી | ૬૪૫ | ૧૨૭૭ |
| ૫ | શિંગદાણા | ૮૦૦ | ૧૨૧૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૧૨ | ૨૫૯૦ |
| ૭ | તલ કાળા | ૨૩૦૦ | ૫૨૮૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૭૯૫ | ૨૨૦૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૨૫ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૧૦૨૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૪ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૨૩ | ૬૧૫ |
| ૧૩ | મકાઈ | ૩૦૦ | ૫૫૦ |
| ૧૪ | મગ | ૧૧૫૦ | ૧૩૦૧ |
| ૧૫ | અડદ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૧૬ | ચણા | ૯૧૦ | ૧૧૦૦ |
| ૧૭ | સફેદ ચણા | ૯૦૦ | ૧૧૦૨ |
| ૧૮ | છોલે ચણા | ૧૫૦૦ | ૧૭૪૦ |
| ૧૯ | તુવેર | ૧૧૭૫ | ૧૨૭૫ |
| ૨૦ | કપાસ | ૧૦૮૦ | ૧૫૬૭ |
| ૨૧ | એરંડા | ૧૦૮૯ | ૧૩૦૫ |
| ૨૨ | જીરૂ | ૨૮૦૦ | ૩૮૭૦ |
| ૨૩ | ધાણા | ૧૦૫૦ | ૧૪૧૫ |
| ૨૪ | ધાણી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૨૫ | મેથી | ૬૦૦ | ૯૫૫ |
| ૨૬ | સોયાબીન | ૬૭૨ | ૯૩૬ |
| ૨૭ | કાંગ | ૪૯૭ | ૫૦૦ |
| ૨૮ | સુવાદાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં ધરાઈથી મોણપુર તરફ

બનાવી જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગના અધિકારીઓ આ રોડથી તમામ વાહનચાલકોને પડતી મુશ્કેલી માંથી છુટકારો અપાવશે પણ બન્યું એવુ કે તમામ ગ્રામજનો ને અપેક્ષા હતી પણ એવુ કાંઈ થયું જ નઈ તો હવે વહેલી તકે જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગના અધિકારીઓ ઘોર નિંદ્રામાંથી જાગે અને આ રોડ નવો બનાવી આપે અને આ રોડ થી પડતી સમસ્યા માંથી મુક્ત કરી આપે તેવી ધરાઈ તેમજ આજુબાજુના ગામ જનોની માંગણી અને લાગણી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૧ | ૧૫૩૪ |
| ૨ | એરંડા | ૧૧૩૭ | ૧૧૩૭ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૪૮ | ૧૫૦૬ |
| ૨ | કપાસ કોડી | ૯૦૦ | ૧૨૪૫ |
| ૩ | મગફળી | ૭૪૦ | ૧૨૦૮ |
| ૪ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૧૫૦ |
| ૫ | ઘઉં | ૬૧૪ | ૬૧૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૪૭૧ |
| ૨ | કપાસ કોડી | ૮૦૦ | ૧૧૭૩ |
| ૩ | મગફળી | ૭૦૦ | ૧૧૪૨ |
| ૪ | ઘઉં | ૪૭૬ | ૫૩૦ |
| ૫ | ચણા | ૧૦૨૬ | ૧૧૯૦ |
| ૬ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૭ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | ધાણા | ૧૨૦૧ | ૧૪૫૧ |
| ૯ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૨૫ | ૮૯૦ |
| ૧૩ | મેથી | ૭૫૦ | ૭૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૭૫ | ૧૧૫૦ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૩૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૩૬ |
| ૪ | તલ કાળા | ૪૬૬૦ | ૫૨૦૦ |
| ૫ | જીરૂ | ૩૬૦૧ | ૩૭૫૧ |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૫૩૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૦૨ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૪૧ |
| ૧૦ | જુવાર | ૯૬૯ | – |
| ૧૧ | મકાઈ | ૪૯૦ | ૫૧૧ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૩૧૫ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૧૨૦ |
| ૧૪ | તુવેર | ૯૨૫ | ૧૧૦૦ |
| ૧૫ | ધાણા | ૧૨૫૦ | ૧૩૮૧ |
| ૧૬ | સોયાબીન | ૮૪૦ | ૯૩૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ભાજપ પરિવાર દ્વારા આતશબાજી

ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણીની આગેવાની હેઠળ નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અકુરભાઈ જસાણી, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, યાર્ડના વાઈસ ચેરમેન બીપીનભાઈ રાદદિયા, અલ્તાફભાઈ નથવાણી, પ્રતાપભાઈ ખાચર, રમેશભાઈ સાંગડીયા, મહેશભાઈ હેરમાં, રસિકભાઈ ગોજારીયા, અનિભાઈ મકવાણા, ભુપતભાઈ બસિયા, અલતાફભાઈ ગોગદા સહિતના ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ દ્વારા આતશબાજી કરી મો મીઠા કરી મીઠાઈનું વિતરણ કરી બિહાર વિધાનસભામાં વિજયના વધામણાં કરવામાં આવ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું કૃષ્ણગઢ ગામની રૂપિયા ૨૫ કરોડથી

મંદિરનું નવનિર્માણ, પ્રાકૃતિક ખેતી માટે માર્ગદર્શન કેન્દ્ર, આધુનિક સુવિધાઓ ધરાવતું ગ્રામ પંચાયત ભવન, કૃષ્ણગઢ ગામમાં સીસીટીવી કેમેરાથી સજજ, સરદાર પટેલ અને કૃષ્ણકુમાર સિંહજી નામના ૨ પ્રવેશ દ્વાર બનાવવાનું ખાતમુહૂર્ત કરવાનું નક્કી કરીને વતનના રતન બનીને ગામડાને ગોકુળિયું બનાવવાની નવતર પહેલ અમદાવાદ સ્થિત ઉદ્યોગપતિ સંજય મુંજપરાએ કરી હતી અને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાથે સાથે સંજય મુંજરાના ૧૦૮ વર્ષના વયોવૃધ્ધાની શતાયુ વંદના કરવામાં આવેલ હતી. આ પ્રસંગે કૃષ્ણગઢ ગામને નંદનવન બનાવવા ભગીરથ પ્રયાસને આચાર્ય દેવવ્રતજીએ વધાવ્યો હતો ને પ્રાકૃતિક ખેતીને પણ ખેડૂતોને મહત્વ આપીને ખેતી બચાવવામાં સહયોગ આપવાની અપીલ કરી હતી.

કૃષ્ણગઢ ગામમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય અને રોડ રસ્તા સાથે પાણી, સીસીટીવી, મંદિર, પ્રાકૃતિક ખેતી ભવન, ગ્રામ પંચાયત સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા અભિગમને કૃષ્ણગઢના સરપંચે વધાવ્યો હતો.

કૃષ્ણગઢ ગામમાં ૨૫ કરોડ જેવી રકમ ખેંચીને એકપણ સરકારી સહાય વિના સ્વ. ખર્ચે કૃષ્ણગઢ ગામને રળિયામણું બનાવવાના ભગીરથ પ્રયાસને રાજયપાલે વધાવ્યો હતો. તો મહાનગરોમાંથી ગામડાઓ તરફ પ્રાથમિક સુવિધાઓ હોય તો ગામડું ગોકુળિયું બને તે માટે ૨૫ કરોડ ખર્ચવા આગળ આવ્યા છે.

ગ્રામીણ ગામડાઓમાંથી શહેરો તરફ વળેલા ઉદ્યોગપતિઓ પોત પોતાના ગામડાઓ પ્રત્યે સંવેદનશીલ બને તો દરેક ગામડું ગોકુળિયું બની જાય ને ગામડાઓમાં પણ જીવન ધબકતું બને તેવા આશયને ખરા અર્થમાં સાર્થક સાબિત કર્યુ હોય તો તે સંજય મુંજપરાએ કૃષ્ણગઢ ગામેથી પહેલ કરી છે તે સરાહનીય છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૪૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૯૫૭ | ૧૩૪૩ |
| ૪ | તલ સફેદ | ૧૬૭૫ | ૨૧૦૫ |
| ૫ | તલ કાળા | ૩૨૪૫ | ૪૫૧૫ |
| ૬ | જીરૂ | ૩૧૫૫ | ૩૭૦૫ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૮ | ચણા | ૯૬૪ | ૧૧૩૬ |
| ૯ | મગ | ૧૨૧૫ | ૧૩૯૫ |
| ૧૦ | અડદ | ૯૩૦ | ૧૨૬૦ |
| ૧૧ | સોયાબીન | ૭૯૦ | ૮૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૭ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| ૪ | ચણા | ૮૪૦ | ૧૦૭૦ |
| ૫ | ચણા સફેદ | ૬૯૦ | ૯૨૫ |
| ૬ | ધાણા | ૧૪૨૫ | ૧૪૯૫ |
| ૭ | અડદ | ૯૭૦ | ૧૦૦૫ |
| ૮ | તુવેર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૮૧૦ | ૨૨૦૦ |
| ૧૦ | તલ કાળા | ૨૬૨૫ | ૨૬૨૫ |
| ૧૧ | શીંગફાડા | ૯૫૦ | ૧૨૦૫ |
| ૧૨ | મગફળી | ૮૮૦ | ૧૦૮૫ |
| ૧૩ | એરંડી | ૯૭૦ | ૯૭૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં ખીજડીયા રાદડીયા ગામે

સુરજદેવળ ચાલતી બસ છેલ્લા ઘણા દિવસોથી આ ગામોમાં આવતી નથી. બીજી બસ અમરેલીથી લાઠી વાયા ખીજડીયા રાદડીયા આ બસ પણ અનિયમિત છે. જેથી વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને અમરેલી આવવા તથા જવામાં ખુબજ મુશ્કેલી પડી રહી છે. આ બસો ગ્રામજનો અને વિદ્યાર્થીઓને અમરેલી આવવા જવામાં અનુકૂળ ટાઈમ પર ચાલતી હોય તો બસો નિયમિત કરવા અંતમાં માંગ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું બિહાર વિધાનસભા ચૂંટણીમાં

દરેક NDA કાર્યકર્તાનો આભાર માનું છું જેમણે અથાક મહેનત કરી છે. તેઓ લોકોની વચ્ચે ગયા અને અમારા વિકાસના એજન્ડાને આગળ ધપાવ્યો અને વિપક્ષના દરેક જુઠ્ઠાણાને જોરદાર જવાબ આપ્યો. હું હૃદયથી તેમની પ્રશંસા કરું છું."

પીએમ મોદીએ બિહારના લોકોને વિવિધ ક્ષેત્રોમાં વધુ પ્રગતિની ખાતરી આપી. તેમણે કહ્યું, "આગામી વર્ષોમાં, અમે બિહારના વિકાસ, તેના માળખાગત સુવિધાઓને વધારવા અને રાજ્યની સંસ્કૃતિને નવી ઓળખ આપવા માટે અથાક મહેનત કરીશું. અમે ખાતરી કરીશું કે બિહારના યુવાનો અને મહિલાઓને સમૃદ્ધ જીવન માટે પુષ્કળ તકો મળે."

પીએમ મોદી અનુસાર જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખી મતદાન કર્યું. તેમણે કહ્યું- હું એનડીએના પ્રત્યેક કાર્યકર્તાનો આભાર વ્યક્ત કરુ છું, જેણે અથાગ પરિશ્રમ કર્યો છે. તેમણે જનતાની વચ્ચે જઈ અમારા વિકાસના એજન્ડાને સામે રાખ્યો અને વિપક્ષના દરેક જૂઠનો મજબૂતીથી જવાબ આપ્યો. હું દિલથી તેમની પ્રશંસા કરુ છું.

પીએમ મોદીએ કહ્યુ કે બિહારની જનતાએ અલગ-અલગ ક્ષેત્રોમાં વધુ સારૂ કામ કરવાનો ભરોસો આપ્યો છે. તેમણે કહ્યું- આવનાર સમયમાં અમે બિહારના વિકાસ, અહીંના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રાજ્યની સંસ્કૃતિને નવી ઓળખ આપવા માટે આગળ વધી કામ કરીશું. અમે તે ખાતરી કરીશું કે યુવા શક્તિ અને નારી શક્તિને સમૃદ્ધ જીવન માટે ભરપૂર તક મળે.

પ્રારંભિક વલણો સૂચવે છે કે NDA એ નોંધપાત્ર લીડ સ્થાપિત કરી છે. અત્યાર સુધીમાં, NDA બહુમતી માટે ૧૨૨ બેઠકોનો જાદુઈ આંકડો પાર કરી ચૂક્યું છે. NDA હાલમાં ૨૦૦ થી વધુ બેઠકો પર લીડ મેળવી છે. આ ચૂંટણીમાં ભાજપ અત્યાર સુધીમાં ૯૧ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી રહ્યો હોય તેવું લાગે છે. JDU ૮૩ બેઠકો, LJP(R) 19, HAM 5 અને RLM 4 બેઠકો જીતવાનો અંદાજ છે. સર્વે એજન્સી એક્સિસ માય ઈન્ડિયાએ એનડીએને ૧૨૧થી ૧૪૧ બેઠકો મળવાની અને મહાગઠબંધનને ૯૮થી ૧૧૮ બેઠકો મળવાના એક્ઝિટ પોલ જાહેર કર્યા હતા. આ ઉપરાંત સર્વે એજન્સી ટુડેઝ ચાણક્યએ એનડીએને ૧૪૮થી ૧૭૨ બેઠકો અને મહાગઠબંધનને ૬૫થી ૮૯ બેઠકો મળવાનો અંદાજ આપ્યો હતો. આ વખતે માત્ર એક સર્વે એજન્સી પોલ ડાયરીનો એક્ઝિટ પોલ સૌથી વધુ સચોટ સાબિત થયો છે. પોલ ડાયરીએ દ્રઢછને ૧૮૪-૨૦૯ બેઠકો અને મહાગઠબંધનને ૩૨-૪૯ બેઠકો મળવાની આગાહી કરી હતી. જોકે બંને એજન્સીઓના એક્ઝિટ પોલ ખોટા સાબિત થયા છે. પરિણામોમાં એનડીએ ૧૯૯ બેઠકો પર અને મહાગઠબંધન માત્ર ૪૧ બેઠકો પર આગળ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં NDA ભવ્ય વિજય તરફ આગળ વધી રહ્યું છે. ૨૦૦થી વધુ બેઠકો પર બઢત જાળવી રાખવાને કારણે BJP અને JDU બંનેમાં ઉત્સાહનો માહોલ છે. જોકે, સૌથી મોટો પ્રશ્ન એ છે કે મુખ્યમંત્રીનું પદ કોણ સંભાળશે? આ સવાલનો જવાબ હજુ સ્પષ્ટ થઈ શક્યો નથી. મ્ત્ઁના મહાસચિવ વિનોદ તાવડેના નિવેદનના કારણે નીતિશ કુમારને ફરી CM બનાવવાની શક્યતા પર સસ્પેન્સ વધી ગયું છે.

વિનોદ તાવડેએ કહ્યું કે, અમે બિહારની ચૂંટણી નીતિશ કુમારના નેતૃત્વમાં લડી છે. પરંતુ CM કોણ હશે તેનો નિર્ણય પાંચેય પક્ષો મળીને નક્કી કરશે. NDAમાં BJP અને JDU ઉપરાંત જીતન રામ માંઝીની પાર્ટી હમ (HAM), ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી આરએમએલ (RML), ચિરાગ પાસવાનની પાર્ટી એલજેપીઆર (LJP-R) સામેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૮૦ | ૧૨૧૩ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૨૦૦ |
| ૩ | તલ કાળા | ૪૨૬૦ | ૪૪૦૧ |
| ૪ | તલ પીળા | ૨૨૬૧ | ૨૨૬૧ |
| ૫ | કપાસ | ૮૦૦ | ૧૫૧૫ |
| ૬ | બાજરો | ૩૫૧ | ૪૧૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૦૦ |
| ૮ | જુવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| ૯ | મકાઈ | ૫૯૦ | ૭૦૦ |
| ૧૦ | મગ | ૮૭૫ | ૧૩૫૦ |
| ૧૧ | મઠ | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ૧૩ | ચણા | ૮૦૧ | ૧૧૯૧ |
| ૧૪ | સોયાબીન | ૭૩૦ | ૮૮૯ |

### રાજયમંત્રી કૌશિક વેકરિયાના વરદ્હસ્તે

# અમરેલી સ્થિત સુખનિવાસ કોલોની ખાતે પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત સંપન્ન

**અંદાજે રૂ. ૬૫ લાખના ખર્ચે પ્રાથમિક શાળાનું અદ્યતન બિલ્ડિંગ આકાર પામશે**

અમરેલી, તા. ૧૪

ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના વરદ્હસ્તે આજરોજ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકા, કુંકાવાવ–વડીયા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત–લોકાર્પણના કાર્યક્રમો યોજાયા હતા.

રાજયમંત્રીએ સરકારી વસાહત–અમરેલી સ્થિત સુખનિવાસ કોલોની ખાતે પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અંદાજે રૂ. ૬૫ લાખના ખર્ચે પ્રાથમિક શાળાનું અદ્યતન બિલ્ડિંગ આકાર પામશે. બાળકોને શિક્ષણ માટે ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. ઉપરાંત અમરેલી સ્થિત ભોજલપરા ખાતે અંદાજે રૂ. ૬૮ લાખના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળાના નવા અદ્યતન બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીં સ્માર્ટ ક્લાસરૂમ સહિતના વિવિધ ક્લાસરૂમમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ મુલાકાત લીધી હતી અને સુવિધાઓ નિહાળી હતી.




અમરેલી ખાતે પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે અગ્રણી અતુલભાઈ કાનાણી, અમરેલી તાલુકા પંચાયત હોદ્દેદારો, અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પ્રમુખ, સભ્યો, શાળાના આચાર્ય, શિક્ષકો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

### બિહારમાં પ્રચંડ જીત પછી અમિત શાહે આપ્યું નિવેદન

# આ વિકસિત બિહારમાં માનનારાઓનો વિજય છે

**બિહારમાં જીત બાદ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આ દરેક બિહારીનો વિજય છે જે "વિકસિત બિહાર" માં માને છે**

નવી દિલ્હી, તા.૧૪

બિહાર ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જ્યારે આરજેડીને સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. આરજેડી ૨૫ બેઠકો સુધી મર્યાદિત છે, અને કોંગ્રેસ આઠમા ક્રમે રહેલી પાર્ટી બની ગઈ છે. બિહારમાં એક્સ-ફેક્ટર ગણાતા પ્રશાંત કિશોર પોતાની પાર્ટીનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહ્યા. બિહારમાં મોદી લહેર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એનડીએના જંગી વિજય પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, "આ 'વિકસિત બિહાર'માં માનનારાઓનો વિજય છે. આ પ્રદર્શનની રાજનીતિ છે."

શાહે કહ્યું, "જ્ઞાન, પરિશ્રમ અને લોકશાહીના રક્ષકો, બિહારના લોકોને મારા હૃદયપૂર્વક સલામ. બિહારના લોકો દ્વારા NDA ને મળેલો આ પ્રચંડ જનાદેશ NDA ની વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને બિહારના ગરીબોના કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર જનતાની મંજૂરીની મહોર છે. છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદીએ બિહાર માટે ઉદારતાથી કામ કર્યું છે, અને નીતિશ કુમારે બિહારને જંગલ રાજના અંધકારમાંથી બહાર લાવવા માટે કામ કર્યું છે. આ જનાદેશ વિકસિત બિહારની પ્રતિબદ્ધતા માટે છે."

તેમણે વધુમાં કહ્યું, "બિહારના લોકોનો દરેક મત ઘુસણખોરો અને તેમના સહાનુભૂતિ ધરાવતા લોકો સામે મોદી સરકારની નીતિમાં વિશ્વાસનું પ્રતીક છે, જેઓ ભારતની સુરક્ષા અને સંસાધનો સાથે રમત રમે છે. જનતાએ વોટ બેંક માટે ઘુસણખોરોને રક્ષણ આપનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. બિહારના લોકોએ સમગ્ર દેશનો મૂડ પ્રતિબિંબિત કર્યો છે: મતદાર યાદી શુદ્ધિકરણ જરૂરી છે, અને તેની સામે રાજકારણ માટે કોઈ સ્થાન નથી. તેથી જ, રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ પાર્ટી આજે બિહારમાં છેલ્લા સ્થાને આવી ગઈ છે."ગૃહમંત્રીએ પછી કહ્યું કે આ દરેક બિહારીનો વિજય છે જે "વિકસિત બિહાર" માં માને છે. જે લોકો જંગલ રાજ અને તુષ્ટિકરણની રાજનીતિ કરે છે, ભલે તેઓ ગમે તે વેશમાં આવે, તેમને લૂંટવાનો મોકો મળશે નહીં. જનતા હવે ફક્ત "પ્રદર્શનની રાજનીતિ" ના આધારે પોતાનો જનાદેશ આપે છે. હું નરેન્દ્ર મોદી, નીતિશ કુમાર અને દ્નઢછ ના તમામ નેતાઓ અને કાર્યકરોને અભિનંદન આપું છું. હું બૂથ સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધીના તમામ મ્નઁ કાર્યકરોને પણ સલામ કરું છું, જેમણે તેમના અથાક કાર્ય દ્વારા આ પરિણામને વાસ્તવિકતા બનાવી છે. હું બિહારના લોકોને અને ખાસ કરીને આપણી માતાઓ અને બહેનોને ખાતરી આપું છું કે મોદીના નેતૃત્વ હેઠળની દ્નઢછ સરકાર તમે જે આશા અને વિશ્વાસ મૂક્યો છે તેના કરતાં પણ વધુ સમર્પણ સાથે આ જનાદેશ પૂર્ણ કરશે.

### રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં

# સાવરકુંડલાના બગોયા મુકામે 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' અન્વયે ખાસ ગ્રામસભા યોજાઈ

**કર્મ એ જ ધર્મ સહિતની બાબતે ગ્રામજનોને માર્ગદર્શન પુરૂ પાડયું**

અમરેલી, તા. ૧૪

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં સાવરકુંડલા તાલુકાના બગોયા મુકામે 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' અન્વયે ખાસ ગ્રામસભાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ ગ્રામસભા દરમિયાન રાજયપાલે પ્રેરણાત્મક સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના સપૂત અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી બાદ દેશના ૫૬૨ નાના–મોટા રજવાડાઓને એક કરી દેશને એકતાના અતૂટ સૂત્રથી બાધ્યો હતો. રાજયપાલે ગ્રામ વ્યવસ્થા, ગ્રામ સંસ્કૃતિ, ભેદભાવથી પર રહીને સર્વોચ્ચ સ્થાને બિરાજતી માનવતા અને કર્મ એ જ ધર્મ સહિતનો મહિમા વર્ણવતા ગ્રામજનોને ભાઈચારાની ભાવના મજબૂત કરવાની પ્રેરણા પૂરી પાડી હતી. દરેક બાળક સંસ્કાર સાથે શિક્ષિત અને દિક્ષિત બને, ભારતના શ્રેષ્ઠ નાગરિક બને અને નશામુક્ત જીવનશૈલી અપનાવવા રાજયપાલએ ગ્રામજનોને અનુરોધ કર્યો હતો.

માણસ – માણસ વચ્ચેના નાના મોટા ભેદભાવ, અમીરી ગરીબી, ઈર્ષા, દ્વેષ સહિતના ભેદભાવોથી ઉપર ઉઠીને માનવીએ માનવતાને સર્વોચ્ચ સ્થાન આપવું અનિવાર્ય છે. કર્મની પ્રધાનતા, કર્મને જ ધર્મ માની ગુણવત્તાયુક્ત જીવન શૈલી વિકસાવીને માનવીએ જીવનને સમૃધ્ધ બનાવવું જોઈએ તેમ રાજયપાલલે જણાવ્યું હતું. સમાજમાં મોર્ડન જીવનશૈલી થકી પરિવારો તુટી રહ્યા છે, ત્યારે રાજયપાલે બગોયા સ્થિત રમેશભાઈ વાઢેરના સયુંકત પરિવારની એકતાને બિરદાવી હતી અને તેમને અભિનંદન પાઠવ્યા હતા.પ્રાકૃતિક કૃષિ માટે દેશી ગાયનું મહત્વ, ગૌમૂત્ર અને ગાયના છાણનો પ્રાકૃતિક કૃષિ પધ્ધતિમાં ઉપયોગ સહિતની બાબતે રાજયપાલલે ગ્રામજનોને માર્ગદર્શન પુરૂ પાડી પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને પ્રેરિત કર્યા હતા. આ તકે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, સાવરકુંડલા પ્રાંત અધિકારી ઝેડ.વી.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જાડેજા, બગોયા સરપંચ મનસુરશા શેખ, ઉપસરપંચ ધનસુખભાઈ કોઠીયા સહિત બગોયા ગ્રામ પંચાયત સર્વ સભ્યો સંબંધિત વિભાગના અધિકારી અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




### વૃક્ષારોપણ સહિતનાં અનેક કાર્યક્રમો યોજાયા

# સાવરકુંડલાનાં બગોચા ગામે પ્રાથમિક શાળાનાં ઓરડામાં રાજયપાલનું રાત્રિ રોકાણ

**''સ્વચ્છતા હી સેવા'' અભિયાનમાં સહભાગી બન્યા**



અમરેલી, તા. ૧૪

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ સાવરકુંડલા તાલુકાના બગોયા ગામની મુલાકાત દરમિયાન 'એક પેડ માં કે નામ' અંતર્ગત પ્રાથમિક શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવાની સાથે ગામના ચોક– ચોરાહેથી ગ્રામજનોને રાજયપાલે બગોયા ગામના મુખ્ય ચોક ખાતેથી ગ્રામજનોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી લોકોના સ્વાસ્થ્યને બચાવવું એ પુણ્યનું કામ છે.

ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અતિરેકભર્યા ઉપયોગથી લોકોના સ્વાસ્થ્યને ગંભીર અસરો થઈ રહી છે. આપણે ઝેરમુકત કૃષિ અપનાવવી જરૂરી બની છે. કેન્સર, ડાયાબિટીસ વગેરે બીમારીઓનું પ્રમાણ વધ્યું છે. યુરિયા, ડી.એ.પી ખાતરનો ખેતીમાં વપરાશ વધતા પર્યાવરણ પર ગંભીર અસરો થઈ રહી છે. આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સમગ્ર વિશ્વ માટે ખતરો બની છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીથી વાતાવરણ પણ દૂષિત થઈ રહ્યું છે, યુરિયામાં નાઈટ્રોજન હોય છે, જે હવાના ઓકિસજન સાથે મળીને પર્યાવરણ માટે ખૂબ જ હાનિકારક એવો નાઈટ્રસ ઓકસાઈડ ગેસ બનાવે છે. જે પર્યાવરણ માટે ખૂબ હાનિકારક ગણાતા કાર્બન ડાયોકસાઈડ કરતા પણ ૩૧૨ ગણો નુકસાનરૂપ છે.

તેમણે ખાસ આવનારી પેઢીના સ્વાસ્થ્ય માટે ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો અનુરોધ કરતા જણાવ્યું હતું કે, ધરતી બિનઉપજાવ બની રહી છે, પર્યાવરણીય સમસ્યાઓ વકરી રહી છે, ત્યારે પ્રાકૃતિક કૃષિથી જ લોકોના સ્વાસ્થ્ય અને પ્રકૃતિનું રક્ષણ થઈ શકશે. આ સાથે રાજયપાલે ગ્રામજનોને પોતાના ઘરની સાથે ઘરની આસપાસનો વિસ્તારની પણ સાફ સફાઈ નિયમિત રીતે કરવા પણ અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સ્વચ્છતા થકી સમ્માન વધે છે. ઉપરાંત ગ્રામજનોને વૃક્ષારોપણ કરીને વૃક્ષ ઉછેર કરવા માટે પ્રેરિત કર્યા હતા. રાજયપાલે પ્રાકૃતિક કૃષિને ઈશ્વરીય વ્યવસ્થામાં સહયોગરૂપ ગણાવી હતી. તેઓએ બગોયા પ્રાથમિક શાળાની મુલાકાત કરીને સુવિધા અને વ્યવસ્થાઓથી વાકેફ થયા હતા. તેમજ બાળકો અને શિક્ષકો સાથે મુલાકાત કરી હતી. આ તકે સર્વે મહાનુભાવો 'સ્વચ્છતા અભિયાન' માં સહભાગી બનીને લોકોને 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' નો સંદેશ આપ્યો હતો. વધુમાં રાજયપાલએ સફાઈ કર્મીઓને સન્માનિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, રાજયપાલ બગોયા પ્રાથમિક શાળાના સામાન્ય રૂમમાં રાત્રિ રોકાણ પણ કર્યું હતું.

# બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAની ઐતિહાસિક જીતનો શ્રેય ૬ દિગ્ગજોને

પટણા, તા.૧૪

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પરિણામોમાં NDA ઐતિહાસિક જંગી વિજય તરફ આગળ વધી રહ્યું છે. ૨૪૩ બેઠકોમાંથી એનડીએ ૨૦૬ બેઠકો પર આગળ છે, જ્યારે મહાગઠબંધન ૩૦ બેઠકો પર સમેટાઈ રહ્યું છે. આ જનાદેશ માત્ર વિપક્ષની ખામીઓનું નહીં, પરંતુ શ્રેષ્ઠ ઉમેદવારો, ઉત્તમ નેતૃત્વ અને શાનદાર રણનીતિનું પરિણામ છે, જેના ૬ મુખ્ય સ્તંભ રહ્યા છે.

૧. NDAની જીતનો મજબૂત આધાર: નીતિશ કુમાર

બિહાર ચૂંટણીમાં એનડીએની જંગી જીતનો સૌથી મજબૂત આધાર મુખ્યમંત્રી નીતિશ કુમાર સાબિત થયા છે. બિહારના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા આ ૭૪ વર્ષીય મુખ્યમંત્રીએ તેમની રાજકીય કુશળતા અને સામાજિક એન્જિનિયરિંગ દ્વારા ગઠબંધનને મજબૂત ટેકો આપ્યો.તેમની સુશાસન બાબુની છબી ૨૦૦૫થી જંગલ રાજમાંથી બિહારને બહાર કાઢવાનું પ્રતીક બની છે. તેઓ ભલે પોતાની કુર્મી (૩.૫%) જાતિના હોય, છતાં તેઓ બિહારના સર્વમાન્ય નેતા છે. ઈબીસી (૩૬%) ને આરક્ષણથી એકજૂથ રાખવાથી લઈને અગ્રણી જાતિઓ સુધી, તેઓ તમામ વર્ગોમાં માન્ય છે અને મુસ્લિમોએ પણ તેમને મત આપ્યા છે. તેમણે ઉંમર અને સ્વાસ્થ્ય અંગેના તમામ નકારાત્મક કથનોને ખોટા સાબિત કર્યા છે.

૨. ચિરાગ પાસવાનનો નિર્ણાયક સપોર્ટ

ચિરાગ પાસવાનનો સપોર્ટ માટીને સોનું બનાવી ગયો છે, જેના કારણે એનડીએમાં જેડીયુ અને બીજેપી બંને પક્ષો શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે. રામવિલાસ પાસવાનના ૪૩ વર્ષીય પુત્ર ચિરાગ પાસવાને પોતાની યુવા ઊર્જાથી પાસવાન વોટ બેંક (૫-૬%)ને એકજૂથ કરીને ગઠબંધનને મજબૂત બનાવ્યું. તેમની પાર્ટી એલજેપી (આરવી)ને એનડીએ તરફથી ૨૮ બેઠકો મળી હતી.૨૦૨૦માં તેમના એનડીએમાંથી બહાર નીકળી જવાને કારણે જેડીયુ અને બીજેપીને મોટું નુકસાન થયું હતું. ૨૦૨૦માં તેમણે નીતિશ કુમારને ૪૦ બેઠકો ગુમાવવાની ફરજ પાડી હતી અને બીજેપીને પણ ઘણી બેઠકો પર નુકસાન થયું હતું. ૨૦૨૫માં, તેઓ એનડીએમાં જોડાઈને ભાઈ ચિરાગ બન્યા અને પીએમ મોદીએ પણ તેમની પ્રશંસા કરી.સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, તેઓ એકમાત્ર એવા નેતા તરીકે ઉભર્યા છે જે પોતાના વોટને જેડીયુ અને બીજેપીમાં સફળતાપૂર્વક ટ્રાન્સફર કરાવી શકે છે, જે પરિણામોમાં સ્પષ્ટ દેખાય છે.

૩. એનડીએ ગઠબંધનમાં આંતરિક સંકલન

બિહારની ચૂંટણી દરમિયાન એનડીએમાં આશ્ચર્યજનક સંકલન જોવા મળ્યું. બીજેપી અને જેડીયુમાં આંતરિક સ્પર્ધા હોવા છતાં, બેઠકોની વહેંચણી અંગે ક્યાંય પણ કોઈ ગેરસમજ કે અણબનાવ દેખાયો નહીં. બંને મુખ્ય પક્ષોએ પોતે ૧૦૧-૧૦૧ બેઠકો પર પોતાને મર્યાદિત રાખ્યા. શરૂઆતમાં એલજેપી અને હમ (HAM) જેવા નાના સહયોગી પક્ષોમાં થોડો અસંતોષ દેખાયો હતો, પરંતુ તે મામલો પણ ઝડપથી ઉકેલી લેવામાં આવ્યો. સૌથી મહત્ત્વની વાત એ છે કે, યોગ્ય સમયે ઉમેદવારોની જાહેરાત પણ થઈ ગઈ. આનાથી વિપરીત, મહાગઠબંધન અંતિમ સમય સુધી બેઠકોની વહેંચણી માટે સંઘર્ષ કરતું રહ્યું. ફોર્મ પાછું ખેંચવાની સમયમર્યાદા પૂરી થયા પછી પણ મહાગઠબંધનના પક્ષો અંદરોઅંદર લડતા રહ્યા.

૪. મુખ્યમંત્રીના ચહેરા પર બીજેપીની વ્યૂહરચના

મુખ્યમંત્રીના ચહેરા પર સસ્પેન્સ રાખવાની બીજેપીની રણનીતિને નબળી કડી ગણવામાં આવતી હતી, પણ તે સફળ સાબિત થઈ. આ વ્યૂહરચના નીતિશ કુમારના સમર્થક અને વિરોધી-બંને મતદારોને સાધવા માટે અપનાવવામાં આવી હતી. બીજેપી જાણતી હતી કે તેના ઘણા સમર્થકો રાજ્યમાં બીજેપીના નેતાને સીએમ બનાવવા માંગે છે. જોકે, નીતિશ કુમાર બિહારમાં નિર્વિવાદ છબી ધરાવતા અને દરેક વર્ગમાં સન્માન મેળવનાર નેતા છે, તેથી બીજેપી તેમને નકારી શકે તેમ નહોતી. આથી, પાર્ટીએ રણનીતિના ભાગરૂપે નીતિશ કુમારના નામ પર ગૂંચવણ જાળવી રાખી. બીજેપીએ દિલ્હી, મહારાષ્ટ્ર અને હરિયાણા જેવા રાજ્યોમાં પણ આ જ રણનીતિનો ઉપયોગ કર્યો હતો.

૫. સુશાસન અને વિકાસ

સુશાસન અને વિકાસ એનડીએની જીતનો મજબૂત સ્તંભ રહ્યો છે, જે નીતિશ કુમારના ૨૦ વર્ષના શાસનનો પુરાવો છે. ભૂતકાળમાં બિમારુ ગણાતું બિહાર હવે રસ્તાઓ (૧ લાખ કિમી), વીજળી (૯૫% કવરેજ) અને શિક્ષણમાં પ્રગતિ કરી રહ્યું છે. નીતિશ કુમારના સુશાસન હેઠળ કાયદા-વ્યવસ્થામાં સુધાર થયો અને ગુનાના દરમાં ૫૦%નો ઘટાડો નોંધાયો, જેણે મધ્યમ વર્ગને આકર્ષ્યો. સ્માર્ટ સિટી અને એક્સપ્રેસવે જેવી વિકાસ યોજનાઓથી ગ્રામીણ અર્થતંત્રને વેગ મળ્યો. એનડીએનો સંકલ્પ પત્ર નોકરીઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કેન્દ્રિત હતો, જે વિશ્વસનીય લાગ્યો. જીવિકા દીદી એ ૧.૨ કરોડ મહિલાઓને જોડી, જેની અસર મતદાનમાં સ્પષ્ટ દેખાઈ. બેરોજગારીના જવાબમાં નીતિશ કુમારે સ્કિલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો.

૬. જમીની સ્તરની લાભાર્થી યોજનાઓ : જમીની સ્તરની લાભાર્થી યોજનાઓએ બિહારના ગ્રામીણ અને ગરીબો માટે અન્ય રાજ્યો કરતાં વધારે અસરકારક કામ કર્યું છે. નીતિશ કુમારની સાત નિશ્ચય અને બીજેપીની કેન્દ્રીય યોજનાઓ થકી ૫ કરોડ લાભાર્થીઓને ફાયદો મળ્યો. પીએમ આવાસ, ઉજ્જવલા અને આયુષ્માન જેવી યોજનાઓએ ગ્રામીણ મતદારોને એનડીએ સાથે મજબૂતીથી જોડી રાખ્યા.

આ યોજનાઓ જાતિગત રીતે સંતુલિત રહી, જેમાં ઈબીસી અને દલિત મતદારોને સૌથી વધુ લાભ મળ્યો. નીતિશ કુમારની મુખ્ય વ્યૂહરચના મહિલાઓના કલ્યાણ પર કેન્દ્રિત હતી. પંચાયતો અને સરકારી નોકરીઓમાં મહિલાઓને આરક્ષણ આપવાના કારણે એનડીએને મજબૂત આધાર પ્રાપ્ત થયો.

### જુડો–કરાટે સ્પર્ધામાં ઉત્સાહભેર જોડાનાર

# અમરેલીની પી.એન. વોરા વિદ્યાનિકેતન અને દીપક હાઈસ્કુલનાં વિદ્યાર્થીઓ અગ્રેસર

**તેજસ્વી બાળકોને શુભકામનાઓ પાઠવાઈ**

અમરેલી, તા. ૧૪

અમરેલી પી.એન. વોરા વિદ્યાનિકેતન તથા દિપક હાઈસ્કુલ અમરેલી જુડો કરાટે સ્પર્ધામાં પ્રા.શાળા તથા દીપક હાઈસ્કુલના વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને સ્કુલનું ગૌરવ પ્રાપ્ત કરેલ. તેમાં પી.એન. વોર વિદ્યા નિકેતનમાંથી જિલ્લા કક્ષાએ ધો. ૮માં અભ્યાસ કરતા સિરોયા તથા બગડા ધર્માંશુને પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ થયેલ છે. ધો. ૮માં અભ્યાસ કરતો ભટ્ટી સાહનાઝને તૃતિય નંબર પ્રાપ્ત થયેલ છે. સાથે દીપક હાઈસ્કુલના પઠાણ અબ્દુલ કાદેરનો દ્વિતીય નંબર તથા ભંડોરીયા મેઘરાજ, વાસોવ્યા તથા ઘોઘારી મુબિલનો તૃતિય નંબર પ્રાપ્ત થયેલ છે. આ સ્પર્ધામાં માર્ગદર્શન શિક્ષક તરીકે તૃપ્તિબેન પંડયા અને રવિન્દ્રભાઈ ગોસાઈએ બાળકોને માર્ગદર્શન પુરૂ પાડેલ આચાર્ય આરતીબેન ચાપાનેરીની યાદીમાં જણાવેલ છે. તેમજ પી.એન. વોરા વિદ્યાનિકેતનની બહેનો પણ સ્પર્ધામાં ભાગ લીધેલ તૃષા ચાવડા, સોલંકી ભાર્ગવી અને વાઘેલા યશ્વી સારી સિધ્ધી પ્રાપ્ત કરેલ.




### રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ

# અમરેલીમાં સરકારી વસાહત–સુખનિવાસ કોલોની સ્થિત નંદઘર–આંગણવાડીની મુલાકાત લીધી

**આંગણવાડીના ભૂલકાઓ પર સ્નેહ વરસાવી મધ્યાહન ભોજનનો સ્વાદ માણ્યો**

અમરેલી, તા. ૧૪

ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના વરદ્હસ્તે આજરોજ અમરેલી શહેર સ્થિત સરકારી વસાહત–સુખનિવાસ કોલોની ખાતે પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગના વિકાસકામનું ખાતમુહૂર્ત કર્યું હતું.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ સરકારી વસાહત–સુખનિવાસ કોલોની સ્થિત નંદઘર–આંગણવાડીની મુલાકાત લીધી હતી. રાજયમંત્રીએ નાના નાના ભૂલકાઓને મળીને સ્નેહ વરસાવ્યો હતો. રાજયમંત્રીએ અહીં મધ્યાહન ભોજન વ્યવસ્થા પણ નિહાળી હતી. તેમણે ઢોકળા, પૌંહા અને ચણાનો સ્વાદ પણ માણ્યો હતો.

રાજયમંત્રીએ આંગણવાડી મુલાકાત વેળાએ જણાવ્યું કે, રાજયમાં રાજયસરકાર દ્વારા નિર્મિત આંગણવાડીઓ ખાતે નાના નાના ભૂલકાઓને પાયાની શિક્ષા પૂરી પાડવામાં આવી રહી છે. સાથે મધ્યાન ભોજનની વ્યવસ્થા થકી બાળકોના પોષણનો પણ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે.




### રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્હસ્તે

# અમરેલીના રાંઢિયા ખાતે રસ્તાના વાઈડનીંગ, સ્ટ્રેન્ધનીંગના વિકાસકામનું ખાતમુહૂર્ત સંપન્ન

**ચિતલ–રાંઢિયા–લુણીધાર વચ્ચે અંદાજે રૂ. ૩૬ કરોડના ખર્ચે નવો સી.સી. રોડ બનશે**




અમરેલી, તા. ૧૪

ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્હસ્તે આજરોજ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકા, કુંકાવાવ–વડીયા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ કામોના ખાતમુહૂર્ત–લોકાર્પણના કાર્યક્રમો યોજાયા હતા.

રાજયમંત્રીએ અમરેલીના રાંઢિયા ખાતે રસ્તાના વાઈડનીંગ, સ્ટ્રેન્ધનીંગના વિકાસકામનું ખાતમુહૂર્ત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, માર્ગ અને મકાન વિભાગ–રાજય હેઠળ અંદાજે રૂ. ૩૬ કરોડના ખર્ચે નવો સી.સી. રોડ બનશે. જેમાં હયાત રોડ ૭ મીટર પહોળો કરવામાં આવશે. ઉપરાંત સ્ટ્રક્ચર–રિકન્સ્ટ્રક્શન અને રોડ સેફ્ટીને લગત ફર્નિચરની કામગીરી પણ કરવામાં આવશે. ગ્રામ્ય કક્ષાએ નવો સી.સી. રોડ નાગરિકોની જનસુવિધાઓમાં વધારો કરશે. વાહન ચાલકોને સુગમતા સાથે સગવડતા પ્રાપ્ત થશે.

રાંઢિયા મુકામે નવા સી.સી. રોડના ખાતમુહૂર્ત પ્રસંગે અગ્રણી અતુલભાઈ કાનાણી, અમરેલી તાલુકા પંચાયત હોદ્દેદારઓ, રાંઢિયા સરપંચ, સભ્યો, માર્ગ અને મકાન વિભાગ–રાજયના અમરેલી નાયબ કાર્યપાલક ઈજનેર સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

